જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્

Tuesday
03.02.2026
*Volume :10 *Issue No.206

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

આ બજેટ ભારતના 'સ્ટ્રોંગ સ્ટેપ ફોર રાઈટ ડિરેક્શન'ના અભિગમને દર્શાવે છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

આ બજેટની દરેક જાહેરાત યુવાનોના સપનાઓને, ખેડૂતોની મહેનત અને સામાન્ય નાગરિકોની આશાને પાંખ આપશે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રિય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીએ પ્રસ્તુત કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ સંદર્ભે પ્રદેશ ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

રિફોર્મ,પરફોર્મ અને ટ્રાન્સફોર્મ ના મંત્ર સાથે શ્રી મોદીજીના નેતૃત્વમાં ભારતની રીફોર્મ એક્સપ્રેસ સતત ગતિ પકડી રહી છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં લાંબાગાળાની સમસ્યાઓથી દુર થઇ વિકાસ અને આત્મનિર્ભરતાના પંથે મજબૂતાઇથી આગળ વધી રહ્યો છે -શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રિય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીએ પ્રસ્તુત કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટ સંદર્ભે ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રદેશ ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ' કોબા, ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યુ હતું. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રિફોર્મ,પરફોર્મ અને ટ્રાન્સફોર્મ એ 'મોદીસરકારની' ઓળખ રહી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની રીફોર્મ એક્સપ્રેસને રજૂ કરતું તેમજ 'વિકસિત ભારત ૨૦૪૭' ની બ્લુ પ્રિન્ટ અને આગામી ૨૫ વર્ષના રોડમેપને પ્રતિબિંબિત કરતું રૂ. ૫૩.૫ લાખ કરોડનું સર્વસ્પર્શી, સર્વ સમાવેશી અને યુવાશક્તિ ડ્રિવન બજેટ આપવા માટે કેન્દ્રિય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીને ગુજરાત ભાજપા પરિવાર વતી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અભિનંદન પાઠવ્યા હતાં. તેમણે કહ્યું કે, મોદીજીના નેતૃત્વમાં ભારતની રીફોર્મ એક્સપ્રેસ સતત ગતિ પકડી રહી છે. આ બજેટ ભારતના 'સ્ટ્રોંગ સ્ટેપ ફોર રાઈટ ડિરેક્શન'ના અભિગમને દર્શાવે છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, શ્રીમતી નિર્મલા સીતારમણજીનું ૯ મું બજેટ એ કર્તવ્ય ભવનમાં પ્રસ્તુત થયેલ પ્રથમ બજેટ છે. આ બજેટ ત્રણ કર્તવ્યો દેશના આર્થિક વિકાસને ઉત્તેજન, નાગરિકોની આશા આકાંક્ષાઓની પૂર્ણતા અને સૌના સાથ, સૌના વિકાસના ભાવ સાથે વિકાસના લાભો સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચાડવાના સ્તંભ પર આધારિત છે.

આ બજેટ દેશની યુવાશક્તિ, નારીશક્તિ, કિસાન શક્તિ, શ્રમિક શક્તિ તેમજ ઉદ્યમી શક્તિ ને કેન્દ્રમાં રાખતું બજેટ છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતુંકે, રૂ. ૫૩.૫ લાખ કરોડના આ બજેટમાંમહિલા સશક્તિકરણ, યુવા શક્તિને પ્રોત્સાહન, આરોગ્યઅને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જનરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર,લોજીસ્ટિક અને કનેક્ટિવિટી, સંસ્કૃતિ, પર્યટનઅને વારસાની જાળવણી, ઉદ્યોગ અને ટેકનોલોજીમાંઆત્મનિર્ભરતા તરફ અગ્રેસરતા, કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્ર,પશુપાલન, ડેરી, મત્સ્ય ઉદ્યોગ, સંરક્ષણ, સ્પોર્ટ્સ, MSME અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, AI નો સકારાત્મક ઉપયોગ સહિત દેશની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈ જરૂરી તમામ વિષયો પર બળ આપી ભારતના ઉજ્જવળ ભવિષ્યના પાયાને સશક્ત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. દેશ આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં લાંબાગાળાની સમસ્યાઓથી દુર થઈ વિકાસના પંથે મજબૂતાઈથી આગળ વધી રહ્યો છે.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ગુજરાત સંદર્ભે વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત એક પ્રકારે MSME ઉદ્યોગોનું હબ છે. બજેટમાં MSME અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે થયેલી જાહેરાતો અને ટેક્સટાઈલ ક્ષેત્રે છ યોજનાઓના લાભથી ગુજરાતના ઉદ્યોગો બુસ્ટ અપ થશે જેનાથી રોજગારની નવી તકો સર્જાશે. ૫ લાખથી વધુ વસ્તી ધરાવતા ટીયર ૨ અને ૩ શહેરોને સિટી ઈકોનોમિક રીઝન બનાવવાની જાહેરાતથી રાજયના આ કેટેગરીમાં આવતા શહેરોનો વિકાસને વેગ મળશે. ગુજરાતમાં સ્થિત લોથલ અને ધોળાવીરા સહિત દેશના ૧૫ પુરાતત્વ સ્થાનોના વિકાસની જોગવાઈ, પૂર્વ ભારતના દાનકુની થી સુરત સુધીનો ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર, જામનગરમાં સ્થિત WHO ના ગ્લોબલ મેડિકલ સેન્ટરના અપગ્રેડેશનનો નિર્ણય સહિતની બાબતો ગુજરાત માટે મહત્વપૂર્ણ છે. મ્યુનિસિપલ બોન્ડ માટે જાહેર થયેલા પ્રોત્સાહનો લાભ ગુજરાતની મ્યુનિસિપાલિટીઝને પણ મળશે. ૨૦ વર્ષ સુધી ટેક્સહોલીડે લંબાવવામાં આવ્યો છે જેના પરિણામે ગિફ્ટ સિટીમાં વૈશ્વિક કંપનીઓનું રોકાણ વધશે અને મોટી માત્રામાં રોજગારીની તકો સર્જાશે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, મહિલાઓના સ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા 'શી માર્ટ્સ' (Self Help Entre-preneur Mart) શરૂ કરાશે, જેના માધ્યમથી મહિલાઓને પોતાના ઉત્પાદનો માટે યોગ્ય બજાર મળશે. સાથે જ મહિલા સ્વસહાય જૂથોને વધુ નાણાકીય સહાય અને વ્યાવસાયિક તાલીમ આપવામાં આવશે, જેનાથી દેશભરમાં સ્વસહાય જૂથો સાથે જોડાયેલી ૧૦ કરોડથી વધુ મહિલાઓ આર્થિક રીતે વધુ સશક્ત બનશે. શિક્ષણ અને રોજગાર માટે અન્ય સ્થળે રહેતી મહિલાઓની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવા દરેક જિલ્લામાં મહિલા હોસ્ટલ બનાવવાનો નિર્ણય લેવાયો છે, જે નારી સશક્તિકરણ તરફનું એક મહત્વપૂર્ણ અને દુરંદેશી પગલુ છે. ભારતના AVGC (એનિમેશન,વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ) ક્ષેત્રને પ્રોત્સાહન આપી ૨૦૩૦ સુધીમાં અંદાજે ૨૦ લાખ પ્રોફેશનલની વધતી માંગને ધ્યાનમાં રાખી, ૧૫,૦૦૦ માધ્યમિક શાળાઓ અને ૫૦૦ કોલેજોમાં કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ સ્થાપી યુવાનોને ડિજિટલ અને ક્રિએટિવ ક્ષેત્રે તાલીમ તથા રોજગારની વિશાળ તકો પૂરી પાડવામાં આવશે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું હતું કે, AI આધારિત Bharat Vistaar Tool દ્વારા ખેડૂતોને પોતાની ભાષામાં પાક, હવામાન, ખાતર, રોગનિયંત્રણ અને બજારની માહિતી પૂરી પાડવામાં આવશે, સાથે ઊંચી કિંમતવાળા પાકોના વિકાસ, પશુપાલન-ડેરી ક્ષેત્રે ૨૦,૦૦૦થી વધુ વેટરિનરી ડોક્ટરોને તાલીમ, ક્રેડિટ આધારિત સહાય અને મત્સ્ય ઉદ્યોગ માટે ૫૦૦ નવા જળાશયો તથા અમૃત સરોવરોના વિકાસ દ્વારા ખેડૂતો, પશુપાલકો અને માછીમારોની આવક તથા રોજગારી વધારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છેઆ તમામ પ્રકલ્પોનો લાભ ગુજરાતના ખેડૂતોનેપણ મળશે. કેન્સર સંબંધિત ૧૭ દવાઓ પરથી ઈમ્પોર્ટ ડ્યુટી દૂર કરવાના નિર્ણયથી કેન્સર સહિત ૭થી વધુ ગંભીર બીમારીઓની દવાઓ સસ્તી બનશે, સાથે જ ૫ રીજનલ મેડિકલ હબ અને ૩ આયુષ એઈમ્સના નિર્માણ દ્વારા ભારતને વૈશ્વિક સ્તરે આધુનિક સુવિધાઓ થી સજ્જ મેડિકલ ટુરિઝમ હબ તરીકે વિકસાવવાનો મજબૂત રોડમેપ તૈયાર થયો છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં લોજીસ્ટિક અને પરિવહન ક્ષેત્રે થયેલા મોટા પરિવર્તનને આગળ વધારતા આ બજેટમાં ૭ હાઈ-સ્પીડ રેલ કોરિડોર, રેર અર્થ મિનરલ કોરિડોર, ૨૦ નવા રાષ્ટ્રીય જળમાર્ગ અને માઉન્ટેન ટ્રેન જેવા પ્રકલ્પો હાથ ધરાશે, સાથે જ ઈન્ડિયન સેમિકન્ડકટર મિશન ૨.૦, બાયોફાર્મા શક્તિ મિશન, ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ, ૫ ટેક્સટાઈલ પાર્ક, 'મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ', "સમર્થ ૨.૦", "રાષ્ટ્રીય ફાયબર" યોજના, ૩ કેમિકલ પાર્ક અને MSMEને પ્રોત્સાહન દ્વારા મેન્યુફેક્ચરિંગ, નિકાસ અને રોજગારી વધારી ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાના લક્ષ્ય સાથે આત્મનિર્ભર ભારત. Make in India y™u Local to Globalના મંત્રને વધુ બળ આપવામાં આવ્યું છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ અંતમાં કહ્યુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરતું આ રિફોર્મએક્સપ્રેસ બજેટ એવિકસિત ભારતના પાયાને મજબૂત કરતું બજેટછે,

આ બજેટની દરેક જાહેરાત યુવાનોના સપનાઓને, ખેડૂતોની મહેનત અને સામાન્ય નાગરિકોની આશાને પાંખ આપશે. તેઓએ દેશની સમૃદ્ધિ, સશક્તિકરણ અને સર્વાંગી વિકાસની સ્પષ્ટ રૂપરેખા આપતા બજેટ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રિય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજી સહિત એનડીએ સરકારની સમગ્ર ટીમને અભિનંદન પાઠવી આભાર વ્યકત કર્યો હતો. આ પ્રેસવાર્તામાં પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ.પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશના મુખ્ય પ્રવકતાશ્રી ડો.અનિલભાઈ પટેલ, કેન્દ્રિય બજેટ જનજાગરણ અભિયાનના પ્રદેશ ઈન્ચાજશ્રી જૈનિકભાઈ વકિલ ઉપસ્થિત રહ્યા હતા.

દેશની સમૃદ્ધિ, સશક્તિકરણ અને સર્વાંગી વિકાસની સ્પષ્ટ રૂપરેખા આપતા બજેટ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી, કેન્દ્રિય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણંજી સહિત એનડીએ સરકારની સમગ્ર ટીમને ગુજરાત ભાજપા પરિવાર વતી અભિનંદન પાઠવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

ઈન્કયુબેટર્સથી સેમિકન્ડક્ટર અને સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ સુધી ગુજરાતના યુવાનો માત્ર આઈડિયા નહીં, પરંતુ આખી ઈકોસિસ્ટમના બન્યા સર્જક: વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

ગિફ્ટ સિટી ખાતે 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ' ફોર ઇનોવેશન: પેટન્ટ એનાલિટિક્સ અને ફ્રીડમ ટુ ઓપરેટ–FTO' વિષય પર એક દિવસીય વર્કશોપનું કરાયું આયોજન

કમલમ્,

ઈન્ક્યુબેટર્સથી લઈને સેમિકન્ડક્ટર અને સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ સુધી ગુજરાતના યુવાનો માત્ર આઈડિયા નહીં, પરંતુ આખી ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છે. અગાઉ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માત્ર લેબમાં થતા હતા, જ્યારે અત્યારે રાજ્ય સરકારના પ્રયાસો અને યુવાઓની મહેનતથી ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશમાં પ્રથમ ક્રમે છે. જ્યારે સ્ટાર્ટઅપ્સનું નામ પણ અજાણ્યું હતું, ત્યાંથી લઈને આજે આપણે સ્ટાર્ટઅપ ક્ષેત્રે નંબર વન સ્ટેટ બન્યા છીએ. આમ, ભારતીય યુવાનોની ક્ષમતા અને મહેનતની નોંધ સમગ્ર વિશ્વ લઈ રહ્યું છે. ગુજરાત આજે સ્ટાર્ટઅપ અને AI ટેકનોલોજીમાં પ્રગતિશીલ રાજ્ય છે? તેમ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ આજે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે જણાવ્યું હતું. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને આજે ગિફ્ટ સિટી ક્લબ, ગાંધીનગર ખાતે 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ ફોર ઈનોવેશન: પેટન્ટ એનાલિટિક્સ અને ફ્રીડમ ટુ ઓપરેટ-FTO' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે વિવિધ ઈનોવેટર્સને આત્મનિર્ભર ગુજરાત ફેલોશિપ અંતર્ગત કુલ રૂ. ૬૨.૮૪ લાખ, IP કોમર્શિયલાઈઝેશન અંતર્ગત કુલ રૂ. ૩ લાખ અને નિધિ પ્રયાસ ગ્રાન્ટ હેઠળ રૂ. ૨૧.૫૦ લાખ એમ કુલ રૂ. ૮૭.૩૪ લાખની રકમના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. ઈનક્યૂબેટર્સ અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે કાર્યરત યુવા માટે આજનો વર્કશોપ મિની કુંભ સમાન છે તેમ જણાવી મંત્રી શ્રી મોઢવાડિયા એ કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ ૨૦૦૩માં સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની રચના થઈ હતી.

આ પ્રયાસોને પરિણામે ગુજરાતમાં સાવલી ટેક્નોલોજી અને બિઝનેસ ઈનક્યૂબેટર જેવું સેન્ટર કાર્યરત થયું છે. ગુજરાતના યુવાનો સેમિકન્ડક્ટર ક્ષેત્રે પણ નવા નવા ઈનોવેશન કરી રહ્યા છે. એક સમય હતો કે કોઈએ સ્ટાર્ટઅપ્સ વિશે સાંભળ્યું જ ન હતું. ઈન્ક્યુબેટર શું છે? તે વિશે વાત પણ થતી ન હતી. જ્યારે આજે સેટેલાઈટ બનાવવા માટે વપરાતા સેમિકન્ડક્ટરની ડિઝાઈન, ફેબ્રિકેશન, ટેસ્ટિંગ અને પેકેજિંગ એમ બધુ અમદાવાદ ખાતે કાર્યરત ઈસરોમાં ઈન-હાઉસ બને છે. આમ, સેટેલાઈટમાં વપરાતા સેમિકન્ડક્ટરની આખી ઈકોસિસ્ટમ પણ અહી ઉપલબ્ધ છે. સાણંદના ખોરજ ખાતે આવેલી GIDCમાં દેશની સૌ પ્રથમ સેટેલાઈટ મેન્યુફેકચરિંગ ફેસિલિટી બનાવવામાં આવી છે. અહી ભારતીય ડિઝાઈન મુજબ સેટેલાઈટનું ઉત્પાદન કરવામાં આવશે. જેમાં પ્રથમ ત્રણ વર્ષ સુધી ૬ સેટેલાઈટ અને ત્યારબાદ ત્રણ વર્ષમાં ૧૨ સેટેલાઈટ બનાવવાનું લક્ષ્ય છે. આમ, રાજ્યમાં યુવાઓનો વિવિધ સ્વરૂપે અદભૂત બૌદ્ધિક ક્ષમતાનો વિકાસ થઈ રહ્યો છે, જે સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને વધુ વેગ આપે છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, નિષ્ફળતા પાછળ જ સફળતા રહેલી છે, એટલે પ્રયત્ન છોડવો જોઈએ નહીં. મને વિશ્વાસ છે કે તમે બધા માર્ગમાં આવતા અવરોધને દૂર કરીને આગળ વધશો. અમેરિકામાં આવેલા સિલિકોન વેલી શહેરમાં ભારતીય યુવાઓ AI, ચેટ GPT જેવા અનેક તકનીકી ક્ષેત્રોમાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે. ગુજરાતમાં ધોલેરા સહિત ચાર સેમિકન્ડકટર પ્લાન્ટ કાર્યરત થવા જઈ રહ્યા છે, જેથી આ ક્ષેત્રે કામ કરતું દેશનું યુવાધન પરત ફરશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, દેશના લાંબા દરિયા કિનારા અને વિશાળ સમુદ્રમાં રિચ મિનરલ્સ, ટાઈડલ એનર્જી, ઓફશોર વિન્ડ તેમજ પોરબંદર જેવા વિસ્તારોમાં કિલોમીટર સુધી મડ માઈનિંગની ઓળખ થઈ છે. આ બ્લુ ઈકોનોમી જેવા નવા ક્ષેત્ર દ્વારા વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ગુજરાત, થકી વિકસિત ભારત'નું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થશે. AI, બાયો ટેકનોલોજી, ક્વોન્ટમ, વિવિધ ઈનોવેશન અંતર્ગત પેટન્ટ, ડેટા સેન્ટર વિકસાવવી જેવી તકો ઝડપીને ગુજરાતની સાથે દેશને આ ક્ષેત્રે આગળ લઈ જવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર યુવાઓને જરૂરી તમામ મદદ કરવા તૈયાર છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક સચિવ શ્રી પી. ભારતીએ જણાવ્યું હતુંકે, કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં રજૂ કરેલા બજેટમાં પણ યુવાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આર્થિક ક્ષેત્રે ગુજરાતને ટોપ પાંચમાંથી વર્ષ ૨૦૩૦ સુધીમાં પ્રથમ ત્રણમાં સ્થાન અપાવવા યુવાઓની ભૂમિકા ખૂબ અગત્યની રહેશે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત પ્રથમ નંબરે છે. રાજય સરકાર દ્વારા આગામી સમયમાં સ્ટાર્ટઅપ પર વધુ ભાર મૂકવામાં આવશે. આ એક દિવસીય વર્કશોપમાં 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ ફોર ઈનોવેશન' અંતર્ગત યુવાઓને ઈનોવેટીવ આઈડિયા અને માર્ગદર્શન મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું. BIRACના એમડી ડૉ. જિતેન્દ્ર કુમારે વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, આજે બાયોટેક્નોલોજી ક્ષેત્રમા IP, EIR પ્રોગ્રામ, ઈન્ક્યુબેશન સેન્ટર્સ, બાયો પોલિસી હેઠળ બાયોફાઉન્ડ્રીઝ/હબ્સ અને RDIF થકી ૧૦ હજાર કરતા વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે. જેના સ્કેલ-અપ માટે વ્યાપારીકરણ અને કેપિટલ ખૂબ જ જરૂરી છે. વૈજ્ઞાનિકો અને ઈન્ડસ્ટ્રી લીડરોના પ્રયાસોથી IP શેલ્ફથી માર્કેટ સુધી પહોંચશે અને વિકસિત ભારત @2047 ને સાકાર કરવા ગુજરાત તેમાં મુખ્ય યોગદાન આપશે. બાયો-ઈન્ડસ્ટ્રી વેટરન અને પોલિસી એનાલિસ્ટ શ્રી સુનીલ પારેખે કહ્યું હતું કે, બાયોટેક્નોલોજી ક્ષેત્રે ભારત અને ગુજરાતની પ્રગતિ નોંધનીય છે. વર્ષ ૨૦૦૩ની પ્રથમ પોલિસીથી GSBTM ની રચના, રૂ. ૫૦ લાખથી શરૂ કરીને રૂ. ૩૫ કરોડ સુધીની સફર અને બાયો ઈકોનોમી, જે GDPમાં ૪.૨૫ ટકા યોગદાન આપે છે. જેમાં ગુજરાત ૭.૮ ટકા જેટલું યોગદાન આપીને ટોપ પાંચ રાજ્યોમાં સામેલ છે. આજે ઔદ્યોગિક પડકારો વચ્ચે IP અત્યંત મહત્વનું છે, જે ઈનોવેશનને સિક્યોર કરે છે, રોકાણને આકર્ષે છે અને સંશોધનને વ્યાપારીય ઉત્પાદનોમાં રૂપાંતરિત કરે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે આઈપી એન્ડ ટેક્નોલોજી ટ્રાન્સફર, BIRACના ડીજીએમ ડૉ. વિનિતા જિંદલે કહ્યું હતું કે, ઈનોવેશન માટે વ્યૂહરચનાના કેન્દ્રબિંદુ સમાન છે. આજના જ્ઞાન આધારિત અર્થતંત્રમાં ખાસ કરીને બાયોટેક્નોલોજી અને લાઈફ સાયન્સમાં સફળ ઈનોવેશન વધુ સંશોધનથી પ્રાપ્ત થાય છે. જેમાં આઈપી વ્યૂહરચના, માર્કેટ એક્સેસ અને જોખમ મૂલ્યાંકન કાળજીપૂર્વક આયોજન ખૂબ જરૂરી છે. આજે આયોજિત આ વર્કશોપ આઈપી અંતર્ગત આધારભૂત સમજ અને હેન્ડ્સ-ઓન વ્યવહારિકતા આપશે. આ કાર્યક્રમમાં STBIના ડિરેક્ટર ડૉ. આનંદ ભડાલકરે શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ભારતની સ્પષ્ટ વિભાવના આપી છે, તે ટેક્નોલોજીકલ સ્વાવલંબન વિના શક્ય નથી. આઈપી સ્ટ્રેટેજી, ભારતીય ટેક્નોલોજીની ગુણવત્તા અને માર્કેટ એક્સેસ થકી ભારતની વિવિધ ટેક્નોલોજી વિશ્વભરમાં પોતાનું આગવું વર્ચસ્વ ઊભું કરશે. ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ-DST હેઠળ કાર્યરત સાવલી ટેક્નોલોજી એન્ડ બિઝનેસ ઈન્ક્યુબેટર-STBI અને બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ-BIRACના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ વર્કશોપ થકી નિષ્ણાતો દ્વારા સ્ટાર્ટઅપ્સ, વૈજ્ઞાનિકો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકોને વિવિધ ઈનોવેશન અને કોમર્શિયલાઈઝેશનને વેગ આપવા, 'સ્ટ્રેટેજિક IP મેનેજમેન્ટ', 'પેટન્ટ એનાલિટિક્સ' અને 'ફ્રીડમ ટુ ઓપરેટ' જેવી બાબતો વિશે વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં DST, SVBIT અને BIRACના અધિકારી–કર્મચારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ઈનોવેટર્સ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કર્તવ્ય ભવનથી વિકસિત ભારત સુધી: બજેટ ૨૦૨૬-૨૭

મિતેશભાઈ પટેલ (બકાભાઈ) સાંસદ, આણંદ લોકસભા, ગુજરાત

કમલમ્,

બજેટ ૨૦૨૬-૨૭ વિકસિત ભારત તરફની એક મહત્વપૂર્ણ છલાંગ છે. માનનીય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી જી અને દેશની પ્રથમ મહિલા નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ જી ને તેમના નવમા બજેટ માટે હૃદયપૂર્વક અભિનંદન આ બજેટ માત્ર આર્થિક દસ્તાવેજ નથી પરંતુ વિકસિત ભારત @2047 તરફની યાત્રાનું મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સંસદ ભવનમાં માઘ પૂર્ણિમા અને ગુરુ રવિદાસજીની જન્મજયંતીના પવિત્ર દિવસે આ બજેટ રજૂ થયું, જે ખરેખર આશીર્વાદરૂપ લાગ્યું. પ્રથમ મહિલા નાણામંત્રી તરીકે શ્રીમતી નિર્મલા સીતારમણજીએ નવમી વખત બજેટ રજૂ કરીને ઈતિહાસ રચ્યો છે. તેમની આર્થિક સમજ અને દૃષ્ટિથી ભારત આર્થિક સ્થિરતા અને વૃદ્ધિના નવા માપદંડો સ્થાપી રહ્યું છે.

કર્તવ્ય ભવનમાં બનેલું આ પ્રથમ બજેટ ત્રણ મુખ્ય કર્તવ્યો પર કેન્દ્રિત છે: આર્થિક વૃદ્ધિને વેગ આપવો, યુવા શક્તિની આકાંક્ષાઓ પૂર્ણ કરવી અને સબકા સાથ-સબકા વિકાસ. મેન્યુફેક્ચરિંગ, ટેક્સટાઈલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હેલ્થકેર, શિક્ષણ, પર્યટન, મહિલા સશક્તિકરણ, દિવ્યાંગ કલ્યાણ અને પૂર્વોદય રાજ્યો માટેની અનેક યોજનાઓ આ દૃષ્ટિને મજબૂત બનાવે છે.

NDA અને UPA સરકારોની તુલના કરીએ તો છેલ્લા ૧૨ વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જીના નેતૃત્વ હેઠળની NDA સરકાર અને તે પહેલાંની છ સરકાર વચ્ચેનો તફાવત સ્પષ્ટ દેખાય છે. UPA સરકારના સમયમાં ૨૦૧૩-૧૪માં આર્થિક વૃદ્ધિ માત્ર ૪.૫% હતી, ભ્રષ્ટાચારના મોટા કૌભાંડો સામે આવ્યા હતા અને ફુગાવો બે અંકમાં હતો. તેની સામે NDA સરકારના સમયમાં સરેરાશ ૭% વૃદ્ધિ, ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવાનો સફળ પ્રયાસ અને રાજકોષીય શિસ્ત જાળવવામાં આવી છે. આ બજેટમાં રાજકોષીય ખાધ ૪.૩% અને દેવું-જીડીપી રેશિયો ૫૫.૬% પર લક્ષ્યાંકિત કરાયો છે. જાહેર મૂડી ખર્ચમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. UPA સરકારના સમયના ૨ લાખ કરોડના મૂડી ખર્ચની સામે હવે તે ૧૨.૨ લાખ કરોડ સુધી પહોંચ્યો છે, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં સ્પષ્ટ દેખાય છે. હાઈવે, રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ, વંદે ભારત ટ્રેનો, મેટ્રો વિસ્તરણ જેવા અનેક પ્રોજેક્ટ્સ આ વિકાસના ઉદાહરણ છે. GST, IBC, નવો આયકર અધિનિયમ ૨૦૨૫ જેવા સુધારાઓ "રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ"ના સિદ્ધાંતને સાકાર કરે છે.

સામાજિક કલ્યાણ યોજનાઓમાં JAM ટ્રિનિટી દ્વારા સીધો લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવ્યો છે. જન-ધન ખાતાઓ, DBT મારફતે ૩૫ લાખ કરોડથી વધુની રકમ, ઉજ્જવલા યોજના, આયુષ્માન ભારત અને સ્વચ્છ ભારત અભિયાનથી લોકોના જીવનમાં મૂળભૂત પરિવર્તન આવ્યું છે. મહિલા સશક્તિકરણ માટે લાખપતી દીદી અને હવે SHE-માર્ટ જેવી પહેલો મહિલાઓને ઉદ્યોગસાહસિક બનાવે છે. ટેકનોલોજી અને નવીનીકરણમાં ડિજિટલ ઈન્ડિયા, UPI, AI, સેમિકન્ડક્ટર મિશન, બાયોફાર્મા શક્તિ અને AVGC ક્ષેત્ર માટેની જાહેરાતો ભારતને વૈશ્વિક ટેકનોલોજી લીડર બનાવવાની દિશામાં છે. કૃષિ ક્ષેત્રે PM-KISAN, AI આધારિત VISTAAR સેવા, નારિયેળ, કાજુ, કોકોના અને ચંદનજેવા પાકો માટેની યોજનાઓ ખેડૂતોની આવક વધારવા માટે મહત્વપૂર્ણ છે.

આત્મનિર્ભર ભારતના દ્રષ્ટિકોણથી મેક ઈન ઈન્ડિયા, ઈલેક્ટ્રોનિક્સ, સંરક્ષણ અને દુર્લભ ખનિજ ક્ષેત્રમાં લીધેલા પગલાં આયાત નિર્ભરતા ઘટાડે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે અને ૨૨૦નું સફળ નેતૃત્વ કર્યું છે. FDIમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

નાણાકીય ક્ષેત્રે ૧૬મા નાણા પંચની ભલામણો, રાજકોષીય શિસ્ત, સીધા અને પરોક્ષ કરમાં સુધારા, GST સરળીકરણ અને સહકારી ક્ષેત્રને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. MSME ક્ષેત્ર માટે ગ્રોથ ફંડ, TReDS અને કોર્પોરેટ મિત્રો જેવી પહેલો તેમને ચેમ્પિયન બનાવવાની દિશામાં છે.

મારા અનુભવ મુજબ આ બજેટ રાજકોષીય રીતે જવાબદાર, વૃદ્ધિ લક્ષી, સમાવેશક, સુધારાલક્ષી અને ભવિષ્યલક્ષી છે. આણંદ લોકસભા માટે ડેરી, કૃષિ, સહકારી, સ્જીસ્ઈ, મહિલા સશક્તિકરણ અને યુવા રોજગારના ક્ષેત્રે આ બજેટ વિશેષ લાભદાયી સાબિત થશે. સંસદમાં હાજર રહીને આ બજેટની સાક્ષી બનતાં એક નવી ઊર્જા અને આશાવાદ અનુભવાયો. આ બજેટ વિકસિત ભારત ૨૦૪૭ તરફ દોરી જતું માર્ગદર્શક દસ્તાવેજ છે, જે નવા, સમૃદ્ધ અને સશક્ત ભારતની શરૂઆત કરે છે.

તંત્રી સ્થાનેથી......

સામાન્ય રીતે પાક સંરક્ષણમાં રાસાયણિક દવાઓનો ઉપયોગ થાય છે,પરંતુ પ્રાકૃતિક ખેતીમાં પાક સંરક્ષણ માટે કોઈ પણ રાસાણિક દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. પાક સંરક્ષણ અને તેની ઉત્પાદક્તા વધારવા માટે પ્રાકૃતિક ખેતીમાં નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિસ્ત્ર, ખાટી છાશ સહિતના જાતે બનાવાલે વસ્તુઓના દ્રાવણનો ઉપયોગ કરવામાં આવે છે. જેપૈકી નિમાસ્ત્રનો ઉપયોગ ચૂસિયા પ્રકારની જીવાત અને નાની ઈયળોના નિયંત્રણ માટે કરવામાં આવે છે, નિમાસ્ત્ર માટે ૦૫ કિલોગ્રામ લીમડાના પાનની ચટણી,૦૫ લિટર દેશી ગાયનું ગૌ મૂત્ર,૦૧ કિલોગ્રામ દેશી ગાયનું ગોબર અને ૧૦૦ લિટર પાણીનો ઉપયોગ કરવામાંઆવેછે. આ નિમાસ્ત્ર બનાવવા માટે ૦૫ કિલો લીમડાના લીલા પાન અથવા ૦૫ કિલો લીંબોળી લેવાની રહેશે, આ લીમડાના લીલા પાન કે લીંબોળીને ખાંડીને રાખવાની રહેશે. ત્યાર બાદ ૧૦૦ લિટર પાણી લઈ તેમાં ખાંડીને તૈયાર કરેલ લીલા પાન કે લીંબોળીની ચટણીને પાણીમાં ઉમેરવાનું રહેશે. આ બધા દ્રાવણમાં ૦૫ લિટર દેશી ગાયનું ગૌ મુત્ર નાખી તેમાં ૦૧ કિલો દેશી ગાયનું ગોબર નાખી બરાબર મિશ્રણ કરવાનું હોય છે. આ મિશ્રણને બરાબર હલાવી બે દિવસ એટલે કે ૪૮ કલાક સુધી રાખવાનુંહોય છે.. ખેડૂત મિત્રોએ આ મિશ્રણને દૈનિક ત્રણવાર હલાવી બરાબર મિશ્રણ કરવાનું ખાસ ધ્યાન રાખવાનુંરહેશે આ મિશ્રણના દ્રાવણને૪૮ કલાક બાદ કપડાથી ગાળી લેવાનું રહેશે અન ગાળેલું દ્રાવણ એટલે નિમાસ્ત્ર.. ખેડૂત મિત્રો નજીવા ખર્ચે નિમાસ્ત્ર તૈયાર કરી પાકમાં આવતી ચૂસિયા પ્રકારની જીવાત અને ઈયળોથી મુક્તિ મેળવી શકે છે. પ્રાકૃતિક ખેતી આજના સમયની માંગ છે અને આ ખેતીમાં દરેક પ્રકારની મુશ્કેલીઓના ઉપાયો છે આ ખેતી થકી સુખ અને સમૃધ્ધ રાષ્ટ્ર નિર્માણમાં સહયોગ આપી શકાય છે.

રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે વલસાડ જિલ્લામાં રૂ. ૧૬.૩૭ કરોડના ખર્ચે ૫૭ ગ્રામ પંચાયતના નવા ભવનનું ઈ-ખાતમુહૂર્ત અને રૂ. ૧૮.૨૭ કરોડના ખર્ચે ૯૭૬ વિકાસ કાર્યોનું ઈ- લોકાર્પણ કરાયું

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આણંદના ભાદરણ ખાતે રાજય કક્ષાનો અને નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં વલસાડ ખાતે જિલ્લા કક્ષાનો ગ્રામોત્થાન યોજનાના શુભારંભનો કાર્યક્રમ યોજાયો

ક્મલમ્ વલસાડ,

રાજ્યના વિવિધ જિલ્લામાં ૨૬૬૬ ગ્રામ પંચાયતોનું ઈ-ખાતમુહૂર્ત અને ૧૧૪ ગામોમાં ગ્રામોત્થાન યોજનાનો શુભારંભ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આણંદ જિલ્લાના ભાદરણ ગામથી કરાવ્યો હતો, આ તબક્કે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ શહેરમાં કોળી સમાજની વાડી ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રીશ્રીના હસ્તે રૂ. ૧૬.૩૭ કરોડના ખર્ચે બનનારી જિલ્લાની ૫૭ ગ્રામ પંચાયતના નવા ભવન તેમજ તલાટી-કમ-મંત્રીના આવાસોનું નિર્માણનું ઈ-ખાતમુહૂર્ત અને રૂ. ૧૮.૨૭ કરોડના ખર્ચે ૯૭૬ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ કરાયુંહતું. આ સાથે જ મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનામાં રાજ્યના ૧૧૪ ગામનો શહેરી વિસ્તારની તુલનાએ વિકાસ થશે, જેમાં વલસાડ જિલ્લાના નાનાપોંઢા અને કપરાડાનો પણ સમાવેશ કરાયો છે. આ પ્રસંગે નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, કચ્છના ધરતીકંપ બાદ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળી શહેરી સ્વર્ણિમ યોજનાનો પ્રારંભ કરાવી શહેરોનો વિકાસ સાધ્યો હતો. હાલ શહેરમાં ૫૦ ટકા અને ગામડામાં ૫૦ ટકા વસ્તી વસે છે. શહેરમાં સ્થળાંતરના કારણે ગામડા તૂટે નહી તે માટે રાજ્યના દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગામડાના સર્વાંગી વિકાસ માટે ગ્રામોત્થાન યોજનાનો શુભારંભ કરાવાયો છે. આજે ગુજરાતમાં સતત થઈ રહેલા શહેરીકરણની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ શહેરોની સમકક્ષ આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે અને શહેરીકરણને ઉત્તેજન આપવા માટે તાલુકા મુખ્ય મથકો હોય અને નગરપાલિકામાં ભળી નહોય તેવી ગ્રામ પંચાયતોનો સર્વાંગી વિકાસ શહેરની સમકક્ષ કરાશે. રાજ્યના ૧૧૪ ગામોને આ યોજનામાં આવરી લેવાયા છે, જેમાં આપણા વલસાડ જિલ્લાના નાનાપોંઢા અને કપરાડાનો પણ સમાવેશ કરાયો છે.

જે ગામની વસ્તી ૧૦ હજાર કે તેથી વધુ હોય તે ગ્રામ પંચાયતમાં આ યોજનાનો અમલ કરી ગટર વ્યવસ્થા અને પીવાના પાણી સહિતની સુવિધા ૨૦૩૦ સુધીમાં સંપૂર્ણ સેચ્યુરેશન સાથે ગ્રામજનોને મળતી થશે. આ સિવાય વલસાડ જિલ્લામાં માછીમાર સમાજના વિકાસ માટે બે જેટી પણ મંજૂર થઈ છે અને સરંક્ષણ દિવાલના કામો પણ મંજૂર થયા છે જેનું આગામી દિવસોમાં ખાતમુહૂર્ત કરાશે. વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું કે, ગ્રામ પંચાયતો એ ગામડાના વિકાસ માટે પાયાની જરૂરીયાત છે. દરેક ગામડામાં અદ્યતન ગ્રામ પંચાયત બનવાથી ગ્રામજનોને વધુ સારી સુવિધાઓ મળશે.

કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, વલસાડ જિલ્લાના આદિવાસી તાલુકા નાનાપોંઢા અને કપરાડામાં આગામી પાંચ વર્ષમાં શહેરી વિસ્તાર જેવી આધુનિક સુવિધાઓ મળતી થઈ જશે. ૧૧૪ ગામોમાં ગ્રામોત્થાન યોજના હેઠળ રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગામડામાં પણ ભુગર્ભ ગટર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સોલાર ઊર્જા સહિતની તમામ સુવિધા મળશે. નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ વલસાડ જિલ્લાના ૧૫માં નાણાપંચ હેઠળ રૂ. ૧૮.૨૭ કરોડના ખર્ચે વિકાસના કુલ ૯૭૬ કામોનું ઈ-લોકાર્પણ કર્યુ હતું. જેમાં ૮૭ શૌચાલય, ૩૦૪ સ્થળે પીવાનું પાણી, ૨૦૬ સ્થળે ગટર સુવિધા, ૩૪ શેડ, ૧૧ સ્મશાનભૂમિ, ૩૭ આર.ઓ., ૯૪ રસ્તા, ૧૨૩ સ્થળે પેવર બ્લોક, , ૧૬ સ્થળે પ્રોટેકશન વોલ અને કંપાઉન્ડ વોલ, ૮ સ્થળે સીસીટીવી કેમેરા, ૧૨ સ્થળે સ્ટ્રીટલાઈટ અને સાફ સફાઈના સાધનોનું લોકાર્પણ કરાયુ હતું. આ પ્રંસગે આણંદના ભાદરણ ખાતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યુંહતું. આ પ્રસંગે વલસાડ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી મીનાબેન ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી અશોક કલસરીયા, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન નાયબ જિલ્લા વિકાસ અધિકારી એસ.વી.બાંભરોલીયાએ કર્યુ હતું, જ્યારે આભારવિધિ ભાગડાવડા ગામના સરપંચ ધર્મેશ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પિંકલ ટંડેલ અને પ્રીતિ પટેલે કર્યુહતું.

રાજકોટજીલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે ફરી વખત પ્રફુલભાઈ ટોળીયા ની વરણી

કમલમ્,

રાજકોટ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ તરીકે મોવડી મંડળે ફરી વખત પ્રફુલભાઈ ટોળિયા ની વરણી કરી છે. ગત ટર્મમાં રાજકોટ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ ઉપરાંત ધોરાજી ના પ્રભારી તરીકે જવાબદારી નિભાવી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને ભવ્ય જીત અપાવવામાં મુખ્ય ભૂમિકા નિભાવી હતી. જેના લીધે ભાજપ મવડી મંડળે તેની કામગીરી ને બિરદાવી ફરી વખત ઉપપ્રમુખ તરીકેનિમણૂક કરી જામ કંડોરણા ના પ્રભારી તરીકે ની જવાબદારી સોંપવામાં આવી છે. આ તકે પ્રફુલભાઈ ટોળીયા એ ભાજપ મવડી મંડળ નો આભાર વ્યક્ત કર્યો હતો.

વલસાડના મોગરાવાડી પોલીસ હેડક્વાર્ટર ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા ટ્રેડફેરનું આયોજન

ક્મલમ્ વલસાડ

સિલ્વાસા સ્થિત શાખા MSME ડેવલપમેન્ટ એન્ડ ફેસિલિટેશન ઓફિસ, MSME મંત્રાલય, ભારત સરકાર દ્વારા ડીઆઈસી વલસાડના સહયોગથી તા. ૨૯ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન તાલીમ ભવન, પોલીસ હેડક્વાર્ટર, મોગરાવાડી, વલસાડ ખાતે ત્રણ દિવસીય પ્રધાનમંત્રી વિશ્વકર્મા ટ્રેડ ફેર/ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યુંછે. એક્ઝિબેશનના ઉદઘાટન પ્રસંગે વલસાડ પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જે. જાડેજા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જનરલ મેનેજર તથા સહાયક ઉદ્યોગ કમિશનરશ્રી વાય.ટી.પાવગઢી, શાખા MSME DFO સેલવાસના સહાયક નિયામકશ્રી પ્રવીણ દોઈફોડે તેમજ અને ડીઆઈસી વલસાડના સહાયક કમિશનર શ્રી એન.સી. ગાવિત ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શ્રી શક્તિ સિંહ (SSO), શ્રીમતી બિંદુશ્રી એમ., શાખા MSME DFO સેલવાસના સહાયક નિયામકશ્રી રામદેવ સુતાર(OS), તથા શ્રી ભાવિક પટેલ, ટેક્નિકલ આસિસ્ટન્ટ, ડિસ્ટ્રિક્ટ ઈન્ડસ્ટ્રીઝ સેન્ટર (DIC), વલસાડે આ કાર્યક્રમના આયોજનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આ ટ્રેડ ફેરનો મુખ્ય હેતુ પરંપરાગત કારીગરોને તેમના ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી વેચવાની તક પૂરી પાડવાનો, બજાર વિસ્તરણ સુલભ કરવાનો, આવક વધારવાના અવસરો ઊભા કરવાનો અને આર્થિક આત્મનિર્ભરતા મજબૂત બનાવવાનો છે. આ મેળા દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના કારીગરોને તેમના ઉત્પાદનોના માર્કેટિંગ માટે મંચ, ગ્રાહકો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવાની તક મળશે તેમજ ઉદ્યમ નોંધણી પૂરી પાડી પરંપરાગત કારીગરોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

ગમે તેવો વિકટ રસ્તો હોય કે મધરાતનો સમય, ગુજરાતની ૧૦૮ સેવા હંમેશા નાગરિકોના શ્વાસની રક્ષા માટે કટિબદ્ધ

મુળી તાલુકાના કુંતલપુરના વાડી વિસ્તારમાં એમ્બ્યુલન્સમાં ગુંજી બાળકની કિલકારી

કમલમ્,સુરેન્દ્રનગર

છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવાના ગુજરાત સરકારના મક્કમ નિર્ધારને સુરેન્દ્રનગર જિલ્લાની ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મયોગીઓએ ફરી એકવાર ઉજાગર કર્યો છે. રાજ્ય સરકારની 'સેવા-સુશ્રુષા'ની પ્રાથમિકતાને વરેલા આરોગ્ય તંત્રએ મુળી તાલુકાના કુંતલપુર ગામના અંતરિયાળ વાડી વિસ્તારમાં મધરાતે એક ૧૯ વર્ષીય સગર્ભા માતા માટે 'સંકટ સમયની સાંકળ' બની, માનવતા અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કુંતલપુર વાડી વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય સપનાબેન નાયકાને જ્યારે મધરાતે પ્રસૂતિની પીડા ઉપડી, ત્યારે ૧૦૮ની ટીમે ત્વરિત પ્રતિસાદ આપી તેમની વહારે પહોંચી હતી. પ્રથમવાર માતા બનવા જઈ રહેલા સપનાબેનની સ્થિતિ નાજુક હતી અને હોસ્પિટલ સુધીનું અંતર કાપવું જોખમી જણાતું હતું. આવા કપરા સમયે, પ્રશિક્ષિત ઈ.એમ.ટી. છોટાભાઈ અને પાયલોટ હરપાલસિંહે માત્ર એક કર્મચારી તરીકે નહીં, પરંતુ પરિવારના સભ્ય જેવી સંવેદના સાથે પરિસ્થિતિ સંભાળી લીધી હતી. રાત્રિના અંધકારમાં જ્યારે સમયસર હોસ્પિટલ પહોંચવું મુશ્કેલ જણાયું, ત્યારે ૧૦૮ની ટીમે એમ્બ્યુલન્સને જ 'મોબાઈલ લેબર રૂમ'માં ફેરવી નાખી હતી. સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી અત્યાધુનિક જીવનરક્ષક સુવિધાઓ અને કુશળ તાલીમનો ઉપયોગ કરી, આ ટીમે જોખમી ગણાતી ડિલિવરી સફળતાપૂર્વક કરાવી હતી. એમ્બ્યુલન્સમાં ગુંજેલી બાળકની કિલકારીએ સાબિત કરી દીધું કે ગુજરાત સરકારની ૧૦૮ સેવા એ માત્ર વાહન નથી, પણ લાખો પરિવારો માટે આશાનું કિરણ છે. આ સફળ કામગીરી બાદ માતા અને નવજાત શિશુને વધુ સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેવાડાના વાડી વિસ્તાર સુધી મધરાતે પહોંચીને માતા અને બાળકના જીવની રક્ષા કરી, ૧૦૮ની ટીમે ગુજરાત સરકારના "સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના કલ્યાણ"ના મંત્રને ચરિતાર્થ કર્યો છે. સરકારની આ ત્વરિત સેવા બદલ સપનાબેનના પરિવારે ગદગદિત હૃદયે રાજ્ય સરકાર અને ૧૦૮ની ટીમનો આભાર માન્યો હતો.

માટીની મિલકત અને માનવીનું સ્વાસ્થ્ય બચાવવા મેદાને ઉતરેલા 'ગ્રીન કમાન્ડો'

રાસાયણિક ખેતી સામે કુદરતી જંગ: ગુજરાતના ખેતરોમાં ફેલાઈ રહ્યો છે નિઃસ્વાર્થ સેવાનો લીલો રંગ

કમલમ્,

ભારતના માન્ચેસ્ટર તરીકે જાણીતું અને ઔદ્યોગિક હબ ગણાતું અમદાવાદ હવે એક નવી ક્રાંતિનું કેન્દ્ર બની રહ્યું છે. આ ક્રાંતિ મશીનોની નથી, પણ માટીની છે. અમદાવાદ જિલ્લાની ફળદ્રુપ ધરતી પરથી આશરે પાંચ-છ વર્ષ પહેલાં એક નાનકડું બીજ રોપાયું હતું, જેનું નામ છે 'ગ્રીન કમાન્ડો'. આ કોઈ સરકારી યોજના નથી કે નથી કોઈ કોર્પોરેટ સંસ્થા, આ તો છે ખેડૂતપુત્રોનો એવો સમૂહ જેણે પર્યાવરણ અને ખેતીને કેમિકલના ઝેરમાંથી મુક્ત કરવાનો સંકલ્પ કર્યો છે. વિષ્ણુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદથી શરૂ થયેલું આ અભિયાન આજે ગાંધીનગર, મહેસાણા અને સુરેન્દ્રનગર સુધી પહોંચ્યું છે.

ધરતીપુત્રોના સાચા માર્ગદર્શક અને સહાયક

સામાન્ય રીતે ખેડૂત જ્યારે પ્રાકૃતિક ખેતી તરફ વળે ત્યારે તેને અનેક મુંઝવણો હોય છે. આ મુંઝવણો ઉકેલવા આશરે પાંચ-છ વર્ષ પહેલાં માત્ર ૩૫ સભ્યોએ હાથ મિલાવ્યા હતા, જે આંકડો આજે ૬૦૦ને વટાવી ગયો છે. અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે રાસાયણિક ખાતરોનો પ્રભાવ વધ્યો, ત્યારે આ જૂથે જમીનનો કાર્બન વધારવા અને પી.એચ. આંક જાળવવા માટે પાયાનું કામ શરૂ કર્યું. આ જૂથના સભ્યો માને છે કે જો આપણે જમીનને સાચવીશું તો જ જમીન આપણને સાચવશે. ખેડૂતને માત્ર સલાહ આપવાને બદલે તેના ખેતર પર જઈને, તેના સોઈલ ટેસ્ટિંગ કરાવીને તેને જરૂરી કુદરતી તત્ત્વો પૂરા પાડવાની જવાબદારી આ ગ્રીન કમાન્ડો સેવાભાવે ઉપાડી રહ્યા છે.

આધુનિક વિજ્ઞાન અને પ્રાકૃતિક ખેતીનો સમન્વય

ખેતીનો ખર્ચ ઘટાડવો એ આ સમૂહનો મુખ્ય એજન્ડા છે. અમદાવાદના ઔદ્યોગિક પટ્ટાની નજીક હોવા છતાં, આ જૂથે ફેક્ટરીના ધુમાડાની વચ્ચે પણ કુદરતી દવાઓનું નિર્માણ કર્યું છે. ૪૦ જેટલી વિવિધ વનસ્પતિઓના અર્કમાંથી બનાવેલો 'દશપર્ણી અર્ક' આજે ગુજરાતના કોઈપણ ખૂણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને વિનામૂલ્યે અપાય છે. ડીએપીના વિકલ્પ તરીકે ઉદયપુરથી રોક ફોસ્ફેટ લાવીને ખેડૂતોને પડતર કિંમતે 'પ્રોમ પ્લસ' ખાતર પૂરું પાડીને તેમણે સાબિત કર્યુંછે કે જો દાનત હોય તો ખેતીનો ખર્ચ ચોક્કસ ઘટાડી શકાય છે. આ ઝુંબેશ હવે ખેડૂતો માટે આશાનું કિરણ બની છે.

ગામડાની સમૃદ્ધિનો નવો માર્ગ

અમદાવાદ જિલ્લાના ગજેન્દ્રસિંહ વાઘેલા જેવા ખેડૂતો માટે આ જૂથ એક આશીર્વાદ સમાન સાબિત થયું છે. અનાજ પકવ્યા પછી તેને વેચવા માટે શહેરના બજારોમાં ભટકવાને બદલે, ગ્રીન કમાન્ડો ગ્રાહકોને સીધા ખેડૂતના ખેતર સુધી લાવે છે. 'ફાર્મર ટુ ફેમિલી'ના કન્સેપ્ટથી ખેડૂતને પૂરા ભાવ મળે છે અને શહેરના લોકોને શુદ્ધ આહાર. આ પ્રક્રિયામાં ક્યાંય કોઈ કમિશન કે વચેટિયા હોતા નથી, જેના કારણે ખેડૂત આર્થિક રીતે સદ્ધર બની રહ્યો છે.

પ્રકૃતિ સાથેનું અનુસંધાન

ખેતીને જીવંત રાખવા માટે આ કમાન્ડોએ કેરળથી ડંખ વગરની મધમાખીઓ લાવીને ગુજરાતના ખેતરોમાં ગુંજતી કરી છે, જે કુદરતી પરાગનયનમાં મદદરૂપ થાય છે. તો બીજી તરફ ડાંગરના પાકમાં યુરિયાની જરૂરિયાત પૂરી કરવા માટે 'અઝોલા' જેવી વનસ્પતિનો પ્રસાર કર્યો છે. અમદાવાદ જિલ્લાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો હવે જાગૃત થયા છે અને જમીનમાં જીવંત બેક્ટેરિયા તેમજ છાણીયું ખાતર ઉમેરવાની પદ્ધતિ શીખી રહ્યા છે. આ નિઃસ્વાર્થ સેવાની સુવાસ હવે ધીમે ધીમે સમગ્ર ગુજરાતમાં ફેલાઈ રહી છે, જે આવનારી પેઢીને ઝેરમુક્ત ધરતી અને સ્વસ્થ જીવનની ભેટ આપશે.

ગુજરાતના ૨૫ જિલ્લાઓમાં રકતપિત્તનો વ્યાપ દર ૧૦,૦૦૦ વસ્તી દીઠ ૧ કરતાં પણ ઓછો, છેલ્લા ૩ વર્ષમાં ૧૧,૬૪૦+ દર્દીઓને મળ્યું નવું જીવન

રક્તપિત્તની સારવારથી આગળ વધીને ગુજરાતે અપનાવ્યું ગૌરવ અને પુનર્વસનનું મોડલ, ૮૧ રીકન્સ્ટ્રક્ટિવ સર્જરી થઈ, ૨૬,૧૨૦+ માઇક્રો સેલ્યુલર રબર શૂઝનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્રઢપણે માને છે કે, કોઈપણ રોગ સામેની સૌથી મોટી લડાઈ રોગ સામે નહીં, પરંતુ તેની સાથે જોડાયેલા ભય અને સામાજિક ભેદભાવ સામે હોય છે. તેમના આ માનવીય અને સમાવેશી દૃષ્ટિકોણથી પ્રેરાઈને ગુજરાત સરકાર ૩૦ જાન્યુઆરીએ વિશ્વ રક્તપિત્ત દિવસ નિમિત્તે રક્તપિત્ત નાબૂદીની દિશામાં જનજાગૃતિને નવી ગતિ આપવા જઈ રહી છે. ભારત સરકારની થીમ "Ending Discrimination, Ensuring Dignity" (ભેદભાવનો અંત, ગૌરવ સુનિશ્ચિત કરવો)ને અનુરૂપ ગુજરાતમાં રક્તપિત્ત રોગ વિશે જાગૃતિ લાવવા માટે આગામી ૩૦ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન "સ્પર્શ રક્તપિત્ત જાગૃતિ અભિયાન- પખવાડિયા"નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ રક્તપિત્ત વિશેની ખોટી માન્યતાઓને દૂર કરવાનો અને અસરગ્રસ્ત દર્દીઓ પ્રત્યે આદર, સ્વીકૃતિ અને માનવીય ગૌરવને સુનિશ્ચિત કરવાનો છે. અભિયાન અંતર્ગત રાજ્યભરમાં આયોજિત પ્રવૃત્તિઓ દ્વારા એ સંદેશ આપવામાં આવશે કે રક્તપિત્ત સ્પર્શ દ્વારા, હાથ મિલાવવાથી કે નજીકના સંપર્ક દ્વારા ફેલાતો નથી, અને સમયસર સારવારથી દર્દી સંપૂર્ણ સાજો થઈ શકે છે.

ગુજરાતના ૨૫ જિલ્લાઓમાં રક્તપિત્તનો વ્યાપ દર ૧૦,૦૦૦ વસ્તી દીઠ ૧ કરતાં પણ ઓછો, ૧૧,૬૪૦+ દર્દીઓને મળ્યું નવું જીવન

ડિસેમ્બર ૨૦૨૫ સુધીના આંકડા અનુસાર, ગુજરાતે રક્તપિત્ત નાબૂદીની દિશામાં નોંધનીય પ્રગતિ કરી છે. હાલ રાજ્યના ૨૫ જિલ્લાઓમાં રક્તપિત્તનો વ્યાપ દર ૧૦,૦૦૦ વસ્તી દીઠ ૧ કરતાં પણ ઓછો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આરોગ્ય વિભાગના સતત પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૨૩-૨૪થી ૨૦૨૫ દરમિયાન કુલ ૧૧,૬૪૦+ નવા રક્તપિત્તના દર્દીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમને સામાન્ય આરોગ્યસેવાઓ અને વિશેષ ઓળખ ઝુંબેશ દ્વારા વિના મૂલ્યે મલ્ટી-ડ્રગ થેરાપી સાથે જોડવામાં આવ્યા છે. જો વર્ષવાર આંકડા પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૩-૨૪ માં ૪,૩૨૩ દર્દીઓની ઓળખ કરવામાં આવી હતી, જેમાં ૨૩૮ બાળરોગીઓ હતા. વર્ષ ૨૦૨૪-૨૫ માં, ૧૭૧ બાળકો સહિત ૪,૦૩૩ નવા દર્દીઓની ઓળખ કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં આ સંખ્યા ઘટીને ૩,૨૮૮ થઈ ગઈ, જેમાં ૧૨૬ બાળરોગીઓની ઓળખ કરવામાં આવી હતી. એટલું જ નહીં, રક્તપિત્તનું સમયસર નિદાન અને અસરકારક નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે મિશન મોડમાં લેપ્રસી કેસ ડિટેક્શન કેમ્પેઈન (LCDC) શરૂ કર્યું છે. ૨૦૨૩-૨૪ થી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલેલા આ અભિયાન હેઠળ, ૩,૯૦૦થી વધુ રક્તપિત્તના કેસની ઓળખ કરવામાં આવી હતી, જેનાથી પ્રારંભિક સારવાર શક્ય બની અને વિકૃતિઓ અને અપંગતાના જોખમમાં નોંધપાત્ર ઘટાડો થયો.

રક્તપિત્તની સારવારથી આગળ વધીને ગુજરાતે અપનાવ્યો ગૌરવ અને પુનર્વસન આધારિત અભિગમ

ગુજરાત સરકારે રક્તપિત્ત નાબૂદી માટે સારવારથી આગળ વધીને ગૌરવ અને પુનર્વસનનું વ્યાપક મૉડલ અપનાવ્યું છે. રાજ્યમાં જરૂરિયાતમંદ દર્દીઓનું પુનર્વસન અને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવા માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૫, વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૦ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૨૬, એમ કુલ ૮૧ રીકન્સ્ટ્રક્ટિવ સર્જરીઓ કરવામાં આવી છે. આ ઉપરાંત, પગમાં સંવેદનહીનતાથી પીડાતા રક્તપિત્તના દર્દીઓ માટે સલામતી અને ગતિશીલતા સુનિશ્ચિત કરવા માટે ૨૬,૧૨૦+ માઈક્રોસેલ્યુલર રબરના શૂઝનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું, અને ઘાની સમયસર સંભાળ અને ચેપ નિવારણ માટે જરૂરિયાતમંદ દર્દીઓને ૮,૩૦૦+ અલ્સર કીટ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ગુજરાતના આ પ્રેરણાદાયી અને સંવેદનશીલ મૉડલ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ મહિને પદ્મશ્રી અવૉર્ડથી સન્માનિત શ્રી સુરેશભાઈ સોની દ્વારા સંચાલિત 'સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ'ની મુલાકાત લઈને રક્તપિત્તના દર્દીઓ સાથે વાતચીત કરી હતી અને તેમના સ્વાસ્થ્ય અને પુનર્વસનની સ્થિતિ વિશે પૂછપરછ કરી હતી. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આ વ્યાપક પ્રયાસો એ દર્શાવે છે કે, ગુજરાત સરકાર રક્તપિત્ત નાબૂદીને માત્ર એક કાર્યક્રમ તરીકે જ નહીં, પણ માનવીય ગૌરવ, સામાજિક સમાવેશ અને સમ્માનપૂર્વક જીવનના અધિકાર સાથે જોડાયેલા એક વ્યાપક અને સંવેદનશીલ અભિયાન તરીકે વેગ આપી રહી છે.

રક્તપિત્તથી ડરશો નહીં, સમયસર નિદાન અને સારવારથી સ્વસ્થ જીવન શક્ય છે

રક્તપિત્ત એક સંક્રામક પરંતુ સંપૂર્ણપણે સાધ્ય રોગ છે, જે માઈકોબેક્ટેરિયમ લેપ્રસી નામના જીવાણુથી થાય છે અને મુખ્યત્વે ત્વચા અને ચેતાને અસર કરે છે. તે કોઈપણ ઉંમરના પુરુષો અને સ્ત્રીઓને થઈ શકે છે, પરંતુ સમયસર નિદાન અને નિયમિત મલ્ટી-ડ્રગ ટ્રીટમેન્ટ (MDT) દ્વારા તેનો ફેલાવો અટકાવી શકાય છે, સાથે વિકૃતિ અને અપંગતાને પણ અટકાવી શકાય છે. આ રોગના લક્ષણોમાં ત્વચા પર રંગીન ધબ્બા, સ્પર્શ, દબાણ, દુખાવો, ગરમી અને ઠંડીનો અનુભવ કરવાની ક્ષમતા ગુમાવવી, સ્નાયુઓની નબળાઈ, ન રૂઝાતા ફોલ્લા, ખાસ કરીને હાથ, પગ અને ચહેરામાં વિકૃતિઓ, અને આંખો બંધ કરવામાં અસમર્થતા અને નબળી દ્રષ્ટિનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો પર તેની નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવે છે, જેથી દર્દીઓ કોઈપણ નાણાકીય બોજ વિના સમયસર સારવાર મેળવ્યા પછી સ્વસ્થ જીવન જીવી શકે.

'૧૧૨' ઈમરજન્સી સેવા હેઠળ છેલ્લા ૪ મહિનામાં કુલ ૩.૮૨ લાખથી વધુ ઈમરજન્સી કેસ એટેન્ડ કરાયા

૧૧૨ સેવાની ટેક્નોલોજી અને તેની કામગીરીની દર મહિને સમીક્ષા કરાશે: રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવ

- **રાજ્ય પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમ સાથે '૧૧૨' ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની મુલાકાત લીધી**
- **ડેટા એનાલિટિક્સના ઉપયોગ દ્વારા ઇમરજન્સીમાં મદદ પહોંચાડવાનો સમય ઘટાડીને ૧૦ મિનિટથી પણ ઓછો કરવા સૂચન**
- **જાન્યુઆરી ૨૦૨૬માં ઇમરજન્સી કેસનો સરેરાશ રિસ્પોન્સ ટાઇમ ૧૧ મિનિટ ૫૬ સેકન્ડ**

કમલમ્,

રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે અત્યાધુનિક '૧૧૨' ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ઈમરજન્સી સેવાઓની કામગીરી બારીકાઈથી સમજવાનો અને તેને વધુ ઝડપી બનાવવાનો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ દ્વારા શરૂ કરવામાં આવેલી '૧૧૨' ઈમરજન્સી નંબર પોલીસ, ફાયર બ્રિગેડ, મેડિકલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ચાઈલ્ડ હેલ્પલાઈન અને મહિલા હેલ્પલાઈન માટે એક જ 'સિંગલ પોઈન્ટ ઓફ કોન્ટેક્ટ' તરીકે સફળતાપૂર્વક કાર્યરત છે. મુલાકાત દરમિયાન ડો. રાવે ઈમરજન્સી કોલને કેવી રીતે એટેન્ડ કરવામાં આવે છે, તેને કઈ કેટેગરીમાં વહેંચવામાં આવે છે અને જીપીએસ સિસ્ટમ દ્વારા નજીકની ગાડીને કેવી રીતે સ્થળ પર મોકલવામાં આવે છે તે અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ ઉપરાંત ડેટા એનાલિટિક્સના ઉપયોગ દ્વારા ઈમરજન્સીમાં મદદ પહોંચાડવાનો સમય ઘટાડીને ૧૦ મિનિટથી પણ ઓછો કરવા સૂચન કર્યું હતું. રાજ્યભરમાં '૧૧૨' ઈમરજન્સી સેવા હેઠળ છેલ્લા ૪ મહિનામાં કુલ ૩,૮૨,૭૨૮ ઈમરજન્સી કેસ એટેન્ડ કરવામાં આવ્યાં છે. ઈમરજન્સી પરિસ્થિતિમાં એક દિવસમાં સરેરાશ ૧૨,૦૦૦ થી વધુ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. આ સેવામાં જાન્યુઆરી ૨૦૨૬માં સરેરાશ રિસ્પોન્સ ટાઇમ ૧૧ મિનિટ ૫૬ સેકન્ડ રહ્યો છે. ડો. કે.એલ.એન. રાવે સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે, ફિલ્ડમાં હાજર પોલીસ અને કંટ્રોલ રૂમ વચ્ચેનો સચોટ તાલમેલ જ આ સેવાની સફળતાનો પાયો છે. ૧૧૨ સેવાની ટેકનોલોજી, હ્યુમન રિસોર્સ અને સમગ્ર ટીમની કામગીરીની દર મહિને સમીક્ષા કરવામાં આવશે. ફીલ્ડમાં રહેલી ટીમો 'સ્ટ્ર' એપ્લિકેશનનો ઉપયોગ કરવા અને પ્રોટોકોલ મુજબ કામ થાય તે અંગે પણ ડો. રાવે ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, નાગરિકોને મુશ્કેલીના સમયે ઝડપથી મદદ મળી રહે તે હેતુથી ગુજરાતની '૧૧૨' સેવાને સમગ્ર દેશમાં એક આદર્શ અને ભરોસાપાત્ર મોડેલ તરીકે પ્રસ્થાપિત કરવાનો ઉદ્દેશ્ય છે. આ મુલાકાતમાં તેમની સાથે એડીશનલ ડીજીપી શ્રી રાજકુમાર પાંડિયન, શ્રી ખુરશીદ અહેમદ, આઈજીપી શ્રી દીપક મેઘાણી અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

જસદણ ખાતે રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

યુવાનો 'જોબ સીકર' નહીં, 'જોબ ગિવર' બને તે દિશામાં રાજ્ય સરકાર પ્રયત્નશીલ- મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા

કમલમ્,રાજકોટ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર તથા આઈ.ટી.આઈ. જસદણ, મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી – રાજકોટ અને કૌશલ્ય – ધ સ્કિલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સરકારી આર્ટ્સ & કોમર્સ કોલેજ, જસદણ ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અનેરોજગાર, ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં નવુ ગુજરાત તૈયાર થઈ રહ્યું છે. જે અંતર્ગત ગુજરાતના યુવાનો નવી સ્કિલ શીખીને વૈશ્વિક કક્ષાએ સ્પર્ધા કરી રહ્યા છે. આજનો યુવાન જોબ સીકર્સ નહીં, પણ જોબ ગિવર બને તે દિશામાં રાજ્ય સરકાર કામ કરી રહી છે. યુવાનો ઉચ્ચ અભ્યાસ કરીને વહીવટી ક્ષેત્રોમાં પણ આગળ વધે તે માટેની સગવડ જસદણ વિંછીયા વિસ્તારોમાં કરવામાંઆવી રહી છે. તેમજ મહત્તમ રોજગારી મળે તે માટે યુવાનોને તમામ ક્ષેત્રોનું માર્ગદર્શન પૂરુ પાડવામાં આવી રહ્યું છે. આવનારા નવા બજેટમાં શ્રમ-કૌશલ્ય અને રોજગાર વિભાગના અધિકારીઓ તમામ સ્કૂલ-કોલેજમાં કરિયર માર્ગદર્શન આપવા જશે તેવી જોગવાઈઓ પણ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ જીવનમાં એક ચોક્કસ ધ્યેય નક્કી કરીને તેને વળગી રહે તો સફળતા અચૂક મળે છે,તેમ મંત્રીશ્રી બાવળિયાએ જણાવ્યું હતું. આ પ્રસંગે જસદણ પ્રાંત અધિકારી શ્રી ખાંભરા, કૌશલ્ય યુનિવર્સિટી ગાંધીનગર ના શ્રી એ.બી જોશી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના શ્રી વી.વી.જારીયા, શ્રી વી.સી.ચાવડા, જસદણ આઈ.ટી.આઈના પ્રિન્સિપાલ શ્રી હિનાબેન વિઠલાણી, વિછીયા આઈ.ટી.આઈના પ્રિન્સિપાલ શ્રી વાઘમશી, રોજગાર કચેરીના શ્રી રાજેશ ચૌહાણ અને શ્રી હાર્દિક મહેતા, ગવર્નમેન્ટ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી ભાવેશ ગાંગાણી, ગુજરાતીના પ્રોફેસર શ્રી નેહલ જાની શાળાના પ્રિન્સિપાલ શ્રી વીરજીહાંડા સહિત શાળા-કોલેજના શિક્ષકશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નિર્ણાયક નેતૃત્વમાં કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ જી દ્વારા રજૂ કરવામાં આવેલ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ બાદ ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રેસ કોન્ફરન્સ કરી પત્રકારો સાથે સંવાદ કર્યો. ViksitBharatBudget માં દેશના દરેક ક્ષેત્ર, દરેક વર્ગ અને દરેક નાગરિકને કેન્દ્રમાં રાખીને નીતિઓ ઘડવામાં આવી છે. આ બજેટ ફક્ત યોજનાઓની જાહેરાતો પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમના અસરકારક અમલીકરણ માટે વ્યવહારુ અને પાયાનું વિઝન પણ પૂરું પાડે છે, આ બજેટ વિકાસના લાભો સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પણ પહોંચે તે સુનિશ્ચિત કરે છે. આ બજેટ દરેક ગામ, નગર અને શહેરના નાગરિકોના સપનાઓને સશક્ત બનાવે છે, તેમને સાકાર કરવા માટે જરૂરી સંસાધનો, તકો અને આત્મવિશ્વાસ પૂરો પાડે છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને મૂળમાં રાખીને, આ બજેટ આગામી ૨૫ વર્ષના વિકાસ માટે એક મજબૂત રોડમેપ રજૂ કરે છે, જે ભારતને વૈશ્વિક મંચ પર દરેક ક્ષેત્રમાં અગ્રણી બનાવવા માટે માર્ગદર્શક સાબિત થશે. આ દૂરંદેશી, જન કલ્યાણકારી અને રાષ્ટ્રનિર્માણલક્ષી બજેટ રજૂ કરવા માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને માનનીય કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીને હાર્દિક અભિનંદન સહ હૃદયપૂર્વક આભાર.

ધરમપુરના સિદુમ્બરની માધ્યમિક શાળામાં સાયબર સેફટી જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કમલમ્,વલસાડ,

વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા ધરમપુરના સિદુમ્બર ખાતે આવેલી વનવાસી વિકાસ ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળામાં ''બેટી બચાવો, બેટી પઢાવો'' યોજના અંતર્ગત સાયબર સેફટી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા અમલમાં રહેલી વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ઑનલાઇન છેતરપિંડી, સોશિયલ મીડિયા દુરુપયોગ, ઓનલાઇન હેરેસમેન્ટ તથા વ્યક્તિગત માહિતીની સુરક્ષા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિજ્ઞેશ પટેલ-ડિસ્ટ્રિક્ટ મિશન કો-ઓર્ડિનેટર, યોગીની પટેલ, એડવોકેટ- કાનુની સેવા સત્તા મંડળ, તમન્નાબેન, સી-ટીમ ધરમપુર પોલીસ સ્ટેશન ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા શહીદ દિને મહાત્મા ગાંધીને 'સ્વચ્છાંજલિ' અર્પણ કરાઈ

પરિસરમાં સઘન સફાઈ અભિયાન યોજાયું: શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિભાગોને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ ખાતે ૩૦મી જાન્યુઆરી – ગાંધી નિર્વાણ દિન નિમિત્તે પૂજ્ય બાપુના સ્વચ્છતાના આદર્શોને ચરિતાર્થ કરી, ગાંધી ચીંધ્યા માર્ગે 'સ્વચ્છાંજલિ' અર્પી, શહીદ દિવસની સાર્થક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાપીઠના દરેક સંકુલ, ભવન અને વિભાગના સેવકો તથા વિદ્યાર્થીઓએ સક્રિયપણે જોડાઈને પોતાના કાર્યક્ષેત્ર અને આસપાસના માર્ગોની સઘન સફાઈ કરી હતી. આ સફાઈ અભિયાનનું એક વિશેષ સમિતિ દ્વારા ઝીણવટભર્યું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં કચરા વ્યવસ્થાપન, પીવાના પાણીની સુવિધા, ધૂળમુક્ત વાતાવરણ અને શૌચાલયની સ્વચ્છતા જેવા માપદંડો ધ્યાને લેવાયા હતા. ખાસ કરીને, સુશોભનમાં પ્લાસ્ટિક અને કૃત્રિમ રંગોના ત્યાગ તેમજ હરિત વાતાવરણની જાળવણી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. મૂલ્યાંકનના અંતે શ્રેષ્ઠ કામગીરી બદલ ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મુખ્ય કાર્યાલય અને ગુજરાત કુમાર વિનય મંદિરને વિજેતા જાહેર કરી ધનરાશી (રોકડ પુરસ્કાર) સાથે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. શહીદ દિવસની ગરિમાપૂર્ણ ઉજવણીના ભાગરૂપે પ્રાણજીવન વિદ્યાર્થી ભવન ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સર્વધર્મ પ્રાર્થના અને ગાંધીજીના અતિ પ્રિય એવા 'વૈષ્ણવજન' ભજન દ્વારા અંજલિ અપાઈ હતી. આ સાથે જ વિદ્યાર્થીઓ અને સેવકો દ્વારા સમૂહ કાંતણ પણ કરવામાં આવ્યું હતું. વહેલી સવારની પ્રાર્થના સભામાં ઉપસ્થિત બે મિનિટનું મૌન પાળી મહાત્મા ગાંધી અને દેશના અમર શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

પી.પી. સવાણી વિદ્યામંદિર દ્વારા તાપી ટેલેન્ટ સર્ચ એકઝામ – ૨૦૨૬નું ભવ્ય આયોજન

કમલમ્,રાકેશવાળા

તાપી જિલ્લાના વિદ્યાર્થીઓની છુપાયેલી પ્રતિભાને ઓળખવા તથા તેમને યોગ્યદિશા અનેમાર્ગદર્શનઆપવા માટેપી.પી. સવાણી વિદ્યામંદિર દ્વારા "તાપી ટેલેન્ટ સર્ચ એક્ઝામ- ૨૦૨૬"નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં અતિથી વિશેષતરીકે પરમ પૂજ્ય પી.પી. સ્વામી ઉપસ્થિત રહયા હતા તેમજ તાપી જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી J.N. દેસાઈ સાહેબની વિશેષ ઉપસ્થિતિ રહી હતી સાથે જ સુરતથી પી.પી. સવાણી વિદ્યામંદિરના ડિરેક્ટર શ્રી જયભાઈ સવાણી, પી.પી. સવાણી સ્કૂલ સુરતના પ્રિન્સિપલ શ્રી હાર્દિકભાઈ અંતાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં માનસ લાઈફ કોચના ફાઉન્ડર અને મોટીવેશનલ સ્પીકરશ્રી મનીષભાઈ વઘાસિયા એ "સમસ્યા સંતાનોની વ્યથા વાલીયોની'' પર વાલી મિત્રોને ઉદબોદન આપ્યુંહતું. આ પરીક્ષા ધોરણ ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે બે સ્લોટમાં યોજાઈ હતી જેમાં ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.તાપી ટેલેન્ટ સર્ચ એક્ઝામ અંતર્ગત પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ, પ્રોત્સાહક ઈનામો અને વિશેષ સહાય યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી. આપવામાં આવી હતી પરીક્ષાના માધ્યમથી વિદ્યાર્થીઓને IIT, AIIMS, NEET, JEE જેવા ઉચ્ચ લક્ષ્યો માટે વહેલી તકે માર્ગદર્શન મળે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. પી.પી. સવાણી વિદ્યામંદિર,વ્યારા દ્વારા સમાજના દરેક વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ અને યોગ્ય માર્ગદર્શન મળે તે દિશામાં સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે, અને તાપી ટેલેન્ટ સર્ચ એક્ઝામ -૨૦૨૬ તેનું ઉત્તમ ઉદાહરણછે.

ગાંધીજીની પુણ્યતિથી નિમિત્તે કડી યુનીવર્સીટિ બીબીએ કોલેજના NSS સ્વયંસેવકો દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

કમલમ્,

સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય બીબીએ કોલેજના NSS યુનિટ ના સ્વયંસેવકો દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૭૮ મી પુણ્યતિથી શહીદ દિવસ નિમિત્તે કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કોલેજના NSS યુનિટ દ્વારા શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનીવર્સીટીના NSS સ્વયંસેવકો, અને યુનીવર્સીટી NSS કાર્યક્રમ અધિકારી ધર્મેન્દ્ર રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ગાંધીજી ને શ્રધાંજલિ આપી તેમના પ્રિય ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ'' નાં ગાન સાથે કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીજીના સત્ય, અહિંસા, સ્વદેશી, સ્વચ્છતા અને સર્વોદયના વિચારોને સ્મરણ કરવામાં આવ્યા હતા. તેમજ ગાંધીજી ના જીવન પર આધારિત મુવી ના સંકલિત અંશો બતાવવામાં આવ્યા હતા.

તેમજ તેના પર ચર્ચા કરવામાં આવી હતી. NSS સ્વયંસેવકો દ્વારા ગાંધીજીના જીવન, વિચારધારા અને રાષ્ટ્રનિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાન વિષે સંક્ષિપ્ત વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું. "સ્વચ્છ ભારત", "અહિંસા એ જ પરમ ધર્મ'' તથા "રાષ્ટ્ર સેવા એ સર્વોપરી સેવા'' જેવા સંદેશાઓ દ્વારા યુવાનોને ગાંધીજીના માર્ગ પર ચાલવા પ્રેરણા આપવામાં આવી. કાર્યક્રમના અંતે સ્વયંસેવકો દ્વારા સમાજમાં શાંતિ, સહકાર, સ્વચ્છતા અને નૈતિક મૂલ્યોને અપનાવવાની બાબતે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દેશપ્રેમ અને ગાંધીવાદી વિચારોથી ઓતપ્રોત બની રહ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા NSS સ્વયંસેવકોમાં રાષ્ટ્રીય મૂલ્યો, સામાજિક જવાબદારી અને માનવતાવાદી દ્રષ્ટિકોણને વધુ મજબૂતી મળી હોવાનું આયોજનકારોએ જણાવ્યું હતું.

કલેકટરશ્રી કે.બી. ઝવેરીના હસ્તે તેજસ્વી દીકરીઓને 'એજ્યુકેશન કીટ'નું વિતરણ: શિક્ષણથી આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા સરકારની પહેલ

બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત ધોરણ ૧૦ અને ૧૨માં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર દીકરીઓનું સન્માન કરાયું

કમલમ્,મોરબી,

'બેટી બચાવો બેટી પઢાવો' યોજના હેઠળ દીકરીઓના શિક્ષણને વેગ આપવા અને સમાજમાં દીકરીઓ પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિકોણ કેળવવાના ઉદ્દેશ્ય સાથે સરકાર પહેલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે માર્ચ-૨૦૨૫માં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં પોતાની શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે કલેકટરશ્રી કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને સરકારી શાળાની તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન દીકરીઓ ઉચ્ચ શિક્ષણ તરફ વધુ ઉત્સાહ સાથે આગળ વધે તેવા હેતુથી કલેકટરશ્રીના હસ્તે પ્રતીકાત્મક રૂપે પાંચ દીકરીઓને એજ્યુકેશન કીટ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે ઉપસ્થિત દીકરીઓને પ્રોત્સાહિત કરતા કલેકટરશ્રી કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે, "શિક્ષણ એ દીકરીઓના સશક્તિકરણનું સૌથી મોટું શસ્ત્ર છે. દીકરીઓ માત્ર ભણે એટલું જ નહીં, પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરી આત્મનિર્ભર બને અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પોતાનું યોગદાન આપે તે અત્યંત અનિવાર્ય છે.'' તેમણે તમામ દીકરીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એન.એસ. ગઢવી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. પી.કે. શ્રીવાસ્તવ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી જલ્પાબેન ત્રિવેદી અને જિલ્લા રોજગાર અધિકારીશ્રી મનિશાબેન સાવનિયા તથા વિદ્યાર્થીનીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

દશકાના દુખાવાથી મળી મુકિત: આયુષ્માન કાર્ડના સહારે જ્યોતિબેન જોશી ઘૂંટણનું સફળ ઓપરેશન કરાવી ફરી હરતા ફરતા થયા

સામાન્ય પરિવાર માટે આજીવન 'હેલ્થ બેકઅપ' સમાન આયુષ્માન કાર્ડ; વિદેશ જેવી આરોગ્ય સુવિધાઓ હવે ભારતના છેવાડાના માનવી માટે ઉપલબ્ધ- જ્યોતિબેનના દીકરાનો સહર્ષ પ્રતિભાવ

ઓપરેશનનો ખર્ચ સાંભળીને હું ચિંતિત બની ત્યારે આયુષ્માન કાર્ડ અમારા માટે આશીર્વાદરૂપ સાબિત થયું- લાભાર્થી શ્રી જ્યોતિબેન જોશી

કમલમ્,મોરબી,

વધતી જતી ઉંમરની સાથે ઘૂંટણના દુખાવાની સમસ્યા મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો માટે શારીરિક વેદનાની સાથે આર્થિક બોજ પણ બની જતી હોય છે. જ્યારે ઘૂંટણ સંપૂર્ણ ઘસાઈ ગયા હોય ત્યારે 'ની-રિપ્લેસમેન્ટ' (દ્વહ્રી ઈીંજીક્ષ્ટ્ટીં-દ્વીહ) એકમાત્ર વિકલ્પ રહેતો હોય છે, પરંતુ ખાનગી હોસ્પિટલોમાં લાખો રૂપિયાનો ખર્ચ જોઈને અનેક જરૂરિયાતમંદ લોકો આ વેદના સહન કરતા રહેતા હોય છે. આવા કપરા સમયે સરકારની 'આયુષ્માન ભારત' યોજના ગરીબ પરિવારો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. મોરબીના જ્યોતિબેન જોશી પણ આ યોજનાના થકી આજે ફરી કોઈપણ સહારા વિના ચાલતા થયા છે. ૭૦ વર્ષીય લાભાર્થી શ્રી જ્યોતિબેન જોશી છેલ્લા ૧૧ વર્ષથી ઘૂંટણના ગંભીર દુખાવાથી પીડાતા હતા. ઓપરેશનની અનિવાર્યતા હોવા છતાં આર્થિક સંજોગો આડે આવતા હતા. જ્યોતિબેન જણાવે છે કે, "દુખાવો એટલો વધી ગયો હતો કે ઓપરેશન સિવાય કોઈ રસ્તો નહોતો, પણ રૂ. ૧.૨૦થી ૧.૫૦ લાખનો ખર્ચ સાંભળીને હું ચિંતિત બની ગઈ. આ તબક્કે આયુષ્માન કાર્ડ અમારા માટે આશીર્વાદરૂપ સાબિત થયું. ડોક્ટરે જ્યારે કહ્યું કે આ કાર્ડ પર તમામ સારવાર મફત થશે, ત્યારે અમને મોટી નિરાંત થઈ. આજે સફળ ઓપરેશન બાદ હું કોઈના પણ સહારે વગર હરી-ફરી શકું છું અને મારા તમામ કામ જાતે કરી શકું છું. અમારા જેવા સામાન્ય માણસો માટે આ કાર્ડ વિના ઓપરેશન કરાવવું શક્ય નહોતું.'' જ્યોતિબેનની તંદુરસ્તી જોઈ તેમના પુત્ર, કે જેઓ ઓસ્ટ્રેલિયામાં નોકરી કરે છે, તેમણે હર્ષભેર પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, "અમે દસ વર્ષથી મમ્મીને ઓપરેશન માટે મનાવતા હતા, પણ ઘરની આર્થિક સ્થિતિને જોતા મમ્મી હંમેશા અચકાતા હતા. પરંતુ આયુષ્માન કાર્ડની સરળ પ્રક્રિયાને કારણે તેમનું ઓપરેશન વિનામૂલ્યે અને સફળતાપૂર્વક થઈ ગયું. આજે ૧૦ વર્ષ પછી મમ્મીને પોતાની રીતે ચાલતા જોઈને હું ખૂબ ખુશ છું. ઓપરેશન બાદ અમે વૈષ્ણોદેવીના દર્શન પણ કરી આવ્યા છીએ.'' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "વિદેશમાં સરકાર દ્વારા નિશુલ્ક આરોગ્યસેવાઓ અપાતી હોય છે, તેવી જ ઉત્કૃષ્ટ સુવિધા આજે ભારતમાં સામાન્ય પરિવારોને મળી રહી છે જે ખરેખર પ્રશંસનીય છે. આ યોજના દરેક પરિવાર માટે એક આજીવન 'હેલ્થ બેકઅપ' છે. હું દરેક નાગરિકને આગ્રહ કરું છું કે તેઓ આયુષ્માન કાર્ડ જરૂર કઢાવે.આજે શ્રી જ્યોતિબેન કોઈપણ જાતના દુખાવા કે ટેકા વગર ચાલી શકે છે. તેમના ચહેરા પરનો સંતોષ એ યોજનાની સાર્થકતાનો પુરાવો છે. જો આયુષ્માન કાર્ડ ન હોત, તો કદાચ તેમના જેવા અનેક જરૂરિયાતમંદોને આજીવન લાકડીના ટેકે અથવા પથારીવશ થઈને જીવવું પડત, આયુષ્માન કાર્ડના માધ્યમથી મોરબીના અનેક પરિવારો મોંઘી સર્જરીના આર્થિક બોજમાંથી મુક્ત થઈને આરોગ્યપ્રદ જીવન જીવી રહ્યા છે.

આયુષ્માન કાર્ડ થકી અનેક પરિવારોને બીમારીઓની પીડા અને તેની સારવાર માટેની આર્થિક ચિંતામાંથી મુક્તિ મળી

સર પી ટી સાયન્સ કોલેજ મોડાસા માં વિમેન્સ એન્ટરપ્રિન્યોર તાલીમ વર્ગ યોજાયો

કમલમ્,

ધી મ લા ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ મોડાસા સંચાલિત સર પીટી સાયન્સ કોલેજના શોધ ઈંક્યુબેશન સેન્ટરમાં એન્ટરપ્રિન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા EDII અમદાવાદ દ્વારા, ઉદ્યોગ અને ખાણ વિભાગ ગુજરાત સરકાર પ્રેરિત વિમેન્સ એન્ટરપ્રિન્યોર પ્લેટફોર્મ અંતર્ગત અરવલ્લી જિલ્લાની મહિલાઓ માટે તા ૧૯ થી તા ૩૦ જાન્યુઆરી સુધી મહિલા ઉદ્યોગ સાહસિકતા તાલીમ વર્ગ યોજાયો હતો. આ તાલીમ વર્ગમાં કોલેજ કેમ્પસની ૩૦ મહિલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહિલાઓના ઉદ્યોગ સાહસિકતા ભણી કદમ પ WEP તાલીમ વર્ગનું ઉદ્ઘાટન પ્રિન્સિપાલ ડો. કેપી પટેલ અને પ્રોજેક્ટ ઓફિસર ડો. રવજીતસિંહ અટવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. દસ દિવસના તાલીમ વર્ગ દરમિયાન વિવિધ સેશન્સમાં નિષ્ણાંતો એ તાલીમ આપેલ હતી. આ તાલીમથી મહિલાઓ સ્વાવલંબી અને ઉધમી બને સ્થાનિક રોજગારીની તકો વિકસે તે હેતુથી અરવલ્લી જિલ્લા ને પસંદગી આપેલ હતી. તાલીમ દરમિયાન જિલ્લા ઉદ્યોગ ભવન અરવલ્લીના અધિકારીઓએ સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. તાલીમાર્થીઓએ રૂબરૂ જિલ્લા ઉદ્યોગ ભવનની કચેરીમાં વિવિધ સહાય યોજનાની પ્રક્રિયાના તબક્કાઓ સમજેલ હતા. ગોપાલ સ્નેક્સ લિમિટેડની રૂબરૂ મુલાકાત લઈ મહિલાઓએ આદર્શ ઉદ્યોગ મોડેલનો અભ્યાસ કરેલો હતો. કોલેજ વતીથી તાલીમ વર્ગના કોર્ડીનેટર ડો. ગિરીશ વેકરીયાએ EDII ગાંધીનગર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકારનો આભાર માનેલ હતો. અરવલ્લીની મહિલાઓને ઉદ્યમિતા તરફ પ્રેરિત કરવા માટે સફળ તાલીમના આયોજન બદલ કેળવણી મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ વી. શાહ અને ઉપપ્રમુખ સુભાષભાઈ એસ. શાહે અભિનંદન પાઠવ્યા હતા.

રાજ્યના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે પારડીના ખેરલાવ ગામની પ્રાથમિક શાળાના નવા મકાનનું લોકાર્પણ અને લાઈબ્રેરીનું ખાતમુહૂર્ત કરાયું

વિશ્વ બેંકના સહકારથી મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ હેઠળ ગુજરાતના ખૂણે ખૂણે અદ્યતન સ્કૂલોનું નિર્માણ થઈ રહ્યું છે

વિદ્યાર્થીઓએ ભણી ગણીને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાનો છે

કમલમ્,વલસાડ,

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખેરલાવ ગામમાં સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ સ્ટેટ પ્રોજેક્ટ ગાંધીનગર અંતર્ગત વલસાડ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળા ખેરલાવનું રૂ. ૧,૪૨,૧૫,૦૦૦ના ખર્ચે નવા અદ્યતન મકાનનું લોકાર્પણ, રાજ્ય સભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાની એમ.પી.ફંડની ગ્રાંટમાંથી રૂ. ૩૫ લાખના ખર્ચે તૈયાર થનારી લાઈબ્રેરીનું ખાતમુહૂર્ત અને નિવૃત્ત શિક્ષકોનો વિદાય સમારોહ રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને શાળાના પટાંગણમાં યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આજનું બાળક દેશની આવતીકાલનું ઉજ્જવળ ભવિષ્ય છે. નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે તેમણે બાળક ભણી ગણીને સારો નાગરિક બને તે માટે શાળા પ્રવેશોત્સવ શરૂ કરાવ્યો હતો. આ જ રીતે ખેડૂતોના વિકાસ માટે કૃષિ મહોત્સવ, આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના, માછીમાર સમાજના વિકાસ માટે સાગરખેડૂ યોજના, ધંધા રોજગારના વિકાસ માટે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરાવી હતી. તેમણે શરૂ કરેલી અનેકવિધ પહેલોને આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેજગતિએ આગળ વધાવી રહ્યા છે. વિશ્વ બેંકના સહકારથી મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ હેઠળ ગુજરાતના ખૂણે ખૂણે અદ્યતન સ્કૂલોનું નિર્માણ થઈ રહ્યુ છે. જેમાં તમામ પ્રકારની સુવિધાઓ બાળકોના વિકાસ માટે ઉપલબ્ધ કરાવાઈ રહીછે. નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના અંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ધો. ૮ બાદ દીકરીઓ ભણતર ન છોડે તે માટે ધો. ૯ અને ૧૦ માં નમો લક્ષ્મી યોજના શરૂ કરી છે અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના શરૂ કરી છે. રાજ્ય સરકાર દ્વારા બજેટમાં સૌથી વધુ ફોક્સ શિક્ષણ અને આરોગ્ય ઉપર કરવામાં આવે છે. વિદ્યાર્થીઓએ ભણી ગણીને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવાનો છે. વર્ષ ૨૦૧૪માં વિશ્વમાં ભારતનું અર્થતંત્ર ૧૧ માં નંબરે હતુ જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હવે ચોથા નંબરે આવ્યુ છે, જેનો લાભ દરેક નાગરિકને મળી રહ્યો છે. આજે આ શાળાના લોકાર્પણની સાથે ગામના યુવાનો જીપીએસસી અને યુપીએસસી જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવે તે માટે રૂ. ૩૫ લાખના ખર્ચે લાઈબ્રેરીનું ખાતમુહૂર્ત પણ કરાયુ છે. ગામના વિકાસ માટે સતત તત્પર રહેતા સરપંચશ્રી મયંકભાઈ પટેલ અભિનંદનને પાત્ર છે. કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ કહ્યું કે, આજે આ શાળાને સ્થાપના થયાને ૧૧૮ વર્ષ થયા છે, તમે વિચારો કે, દેશમાં જ્યારે અંગ્રેજોનું રાજ હતુ ત્યારે પણ આ શાળા શિક્ષણની જ્યોત જલાવી રહી હતી. ગામના અનેક યુવાનો આ સ્કૂલમાં શિક્ષણ મેળવી ડોક્ટર, એન્જિનિયર સહિતની ડિગ્રી સાથે ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા હશે. આજે આપણને સૌને આ સ્કૂલનું અદ્યતન મકાન જોઈને ગૌરવ થાય છે. આ સાથે જ લાઈબ્રેરીનું ખાતમુહૂર્ત થતા ગામના લોકોની વાંચનની ભૂખ પણ સંતોષાશે. બીલીમોરાના નવનાથધામના પ.પૂ.છોટે દાદાએ ઉપસ્થિત રહી આશીર્વચન આપતા જણાવ્યું કે, આજનો દિવસ ખેરલાવ ગામના લોકો માટે ભવ્ય, દિવ્ય અને ગૌરવશાળી છે. વિદ્યા મંદિરથી વ્યક્તિના ચરિત્રનું નિર્માણ થાય છે. આ પ્રસંગે પારડી તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષેશ પટેલ, વાપી વીઆઈએના પ્રમુખ સતિષ પટેલ, તાલુકા પંચાયતના સભ્ય શૈલેષભાઈ પટેલ, સંગઠનના આગેવાન મહેશ દેસાઈ, મનિષ દેસાઈ, સમય પટેલ, પુનિત પટેલ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંબાચ વાઘસર પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષક જગદીશભાઈ પટેલે કર્યુહતું.

ધી લેડી વિલ્સન મ્યુઝિયમ ધરમપુરનાં ૯૮મા સ્થાપના દિવસ તથા રાષ્ટ્રીય પ્રવાસન દિવસની ઉજવણી

કમલમ્,

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળ નિયામકશ્રી સંગ્રહાલયની કચેરી, ગાંધીનગર સંચાલિત ધી લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુર, જી. વલસાડ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ, જી. નવસારીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પ્રવાસન દિવસ તથા ધી લેડી વિલ્સન મ્યુઝિયમના ૯૮મા સ્થાપના દિવસના ઉપક્રમે તા. ૩૧/૦૧/૨૦૨૬ના રોજ હેરીટેજ વોક તથા મ્યુઝિયમ વોકનું આયોજન કરવામાં આવ્યું. હેરીટેજ વોક અંતર્ગત ધરમપુરના રાધાકૃષ્ણ મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર, ધી લેડી વિલ્સન મ્યુઝિયમ અને રાજ્યારોહણ ગેટનો પરિચય આપવામાં આવ્યો હતો, જેના માધ્યમથી વિદ્યાર્થીઓને દેશની વિરાસતો અને ધરોહરો વિશે વિગતવાર સમજ આપવામાં આવી. મ્યુઝિયમ વોક અંતર્ગત ધી લેડી વિલ્સન મ્યુઝીયમની ડોક્યુમેન્ટરી ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું તથા મ્યુઝિયમના ક્યુરેટર ઈન્દ્રા વત્સ મેડમ એ ગાઈડેડ ટૂર કરાવી હતી. જેમાં મ્યુઝિયમનું સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે મહત્વ સમજાવતાં વિદ્યાર્થીઓને મ્યુઝિયમની માહિતી સભર જાણકારી આપવામાં આવી. કાર્યક્રમના અંતે હેરીટેજ વોક તથા મ્યુઝિયમ વોક અંગે પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ અભૂતપૂર્વ ઉત્સાહ અને જોડાણ દર્શાવ્યુંહતું.

મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે ગોંડલ–આટકોટ રોડના રીસર્ફેસીંગ તથા વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

જ્યાં માનવી ત્યાં સુવિધા'ના અભિગમથી રાજ્ય સરકાર વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ - મંત્રી કુંવરજીભાઈ બાવળિયા

કમલમ્,રાજકોટ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષ સ્થાને રૂ. ૩૨.૬૦ કરોડના ખર્ચે ૩૭ કિ.મીના ગોંડલ-આટકોટ રોડનું રીસર્ફેસીંગ તથા મિડીયન અને બ્યુટીફિકેશન કામનું ખાતમુહૂર્ત મોટા દડવા ખાતે તથા ૮૦ લાખના ખર્ચે મેઘપર એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત મેઘપર ગામ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુંહતુંકે "જ્યાં માનવી ત્યાં સુવિધા" આપવાનો અભિગમ રાજ્ય સરકારનો રહ્યો છે. આ વિસ્તાર સુખી સમૃદ્ધ છે ત્યારે નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તે રાજ્ય સરકારનો હર હંમેશ પ્રયત્ન રહ્યો છે. આ વિસ્તારમાં થયેલા કાર્યોની રૂપરેખા જણાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, સાણથલી થી વાસાવડ રોડ ૯૦ લાખના ખર્ચે મંજૂર કરાયો છે, મેઘપર ગામમાં તળાવ ઊંડા કરવાની કામગીરી મંજૂર કરાઈ છે જે ઉનાળામાં શરૂ થશે, સાણથલી થી થોર સુધીના રોડની કામગીરી ૩.૫ કરોડના ખર્ચે કરાશે, સાણથલી થી ઈશ્વરીયા સુધીના વિસ્તારમાં ચોમાસામાં થતી પાણીની સમસ્યા દૂર કરવા ૭.૮ કરોડના ખર્ચે પુલ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, જસાપર-જુનાપર-કાનપર તથા અન્ય બે ગામોમાં નવા ગ્રામ પંચાયતના મકાનનુ લોકાર્પણ કરવામાં આવ્યું છે. સાણથલી ભાડલા અને પાંચવડામાં પશુ દવાખાનુ પણ ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે, જેથી પશુઓની સારવાર સરળતાથી થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ગ અને મકાન વિભાગ હસ્તકનો ગોંડલ -આટકોટ રોડ એ રાજ્ય ધોરીમાર્ગ પ્રકારનો રસ્તો છે. આ રસ્તાની કુલ લંબાઈ ૩૭.૦૦ કિ.મી. છે. આ રસ્તાની પહોળાઈ ૧૦.૦૦ મીટર છે. જે ગોંડલ તાલુકાને જસદણ તાલુકા સાથે જોડતો મહત્વનો રસ્તો છે. આ કામમાં રસ્તાનું રીસર્ફેસીંગ, સાઈડ શોલ્ડર્સમાં માટીકામ, થર્મોપ્લાસ્ટ પટ્ટા, કેટ-આઈ, ઓવરહેડ ગેન્ટ્રી સાઈનબોર્ડ, સાઈન બોર્ડ જેવી રસ્તાનાં ફર્નિચરને લગત વિવિધ કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સ્ટેટ હાઈ-વેના રીસર્ફેસીંગથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસ સાથે આસપાસનાં વિસ્તારોનાં આર્થિક વિકાસને વેગ મળશે જેનાથી વેપાર – ઉદ્યોગ – રોકાણ –પ્રવાસન – કૃષિ પેદાશોને ત્વરીત જોડાણ પ્રાપ્ત થવાને લીધે અર્થવ્યવસ્થાને વેગ મળશે. આ પ્રસંગે અગ્રણી શ્રી મનહરભાઈ બાબરીયા, શ્રી જતીનભાઈ સીદપરા, શ્રી અંકિતભાઈ રામાણી, શ્રી મનુભાઈ લાવડીયા, શ્રી ભાવેશભાઈ વેકરીયા, શ્રી ગિરધરભાઈ વેકરીયા, શ્રી અમિતભાઈ પડાળીયા તથા વિવિધ ગામના સરપંચશ્રીઓ, ઉપસરપંચશ્રીઓ અધિકારીશ્રીઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જસદણમાં ચિતલીયા રોડવાઈડનીંગનું લોકાર્પણ અને ખાનપર રોડનું ખાતમુહૂર્ત કરતા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

શહેરના રસ્તાઓ માત્ર માર્ગ નહીં, વિકાસની જીવાદોરી છે : મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

કમલમ્,રાજકોટ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના વરદ હસ્તે રૂ. ૩૪૭.૦૪ લાખના ખર્ચે 'મુખ્યમંત્રી શહેર સડક યોજના' અંતર્ગત જસદણ શહેરમાં ચિતલીયા રોડ વાઈડનીંગ કામનું લોકાર્પણ તથા રુ. ૧.૪૦ લાખના ખર્ચે રીસરફેસિંગ ઓફ જસદણખાનપર રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજ્યની વિવિધ નગરપાલિકાઓ માટે મહત્વનો નિર્ણય કરીને રાજ્યની નગરપાલિકા માટે ટાઉનહોલ કે જાહેરહિતના મહત્વના કાર્યો કરવા માટે નિશુલ્ક જમીન આપવાનો પ્રારંભ કર્યો છે. શહેરના રસ્તાઓ માત્ર માર્ગ નહીં, પણ વિકાસની જીવાદોરી છે. જસદણ શહેર અને તાલુકામાં થયેલા વિકાસ કાર્યોની રૂપરેખા નાગરિકો સમક્ષ મુકતા મંત્રીશ્રી બાવળિયાએ જણાવ્યું હતું કે જસદણમાં ફોર ટ્રેક રસ્તાની કલ્પના હતી, જે જસદણ નગરપાલિકાની ટીમે સાકાર કરી બતાવી છે. વીરનગર-લાખાવાડ-જસદણ રસ્તો રૂ. ૩.૭૫ કરોડના ખર્ચે બની રહ્યો છે. તાલુકામાં સરકારી સાયન્સ, આર્ટસ અને કોમર્સની કોલેજ અને શાળાઓની સુવિધા ઉપલબ્ધ છે. ૫૦ બેડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની સુવિધા જસદણમાં આકાર લઈ રહી છે અને આટકોટ થી જંગવડ તરફ જવાના રસ્તે ૨૦ બેડની આયુષ હોસ્પિટલની સુવિધા પણ ટૂંક સમયમાં જ ઉપલબ્ધ થશે. જસદણ હવે પાણીની સુવિધાથી સમૃદ્ધ તાલુકો બન્યો છે અને આલણસાગરમાં ક્યારેય પાણી સુકાય નહીં એવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ભવિષ્યમાં જસદણ વિંછીયામાં 'મીની જીઆઈડીસી' ની સુવિધા પણ આ વિસ્તારના ઉદ્યોગપતિઓ માટે શરૂ થશે. જસદણ શહેરમાં ચિતલીયા મેઈન રોડ વાઈડનીંગ કરી વિવિધ સ્ટ્રકચર પાઈપલાઈન, ફુટપાથ, રોડ ડીવાઈડર અને સ્ટ્રીટલાઈટ સાથે નવો બનાવવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૩૪૭.૦૪ લાખના ખર્ચે આ રસ્તો બનવાથી લોકોને ટ્રાફીક સમસ્યામાંથી મુકિત મળી અને શહેરની સુખાકારીમાં વધારો થયો છે. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ છાયાણી ઉપપ્રમુખ શ્રી હિતેશભાઈ થડેશ્વર, કારોબારી સમિતિના ચેરમેન શ્રી કાજલબેન ધોળકિયા, બાંધકામ સમિતિના ચેરમેન શ્રી માધવીબેન વસાણી, મામલતદાર શ્રી આઈ.જી.ઝાલા, ચીફ ઓફિસર શ્રી મેહુલ જોધપુરા તેમજ શહેરના વિવિધ ક્ષેત્રોના આગેવાનશ્રીઓ અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડભોઈ તાલુકાના મોટા હબીપુરા ખાતે આયુર્વેદ દવાખાના નવ નિર્મિત મકાનનું લોકાર્પણ તથા નડાના નવીન મકાન બાંધકામ માટેનું ખાતમુહૂર્ત કરાયું

આયુર્વેદ નિદાન સારવાર, જનરલ ઓપીડી, જરા ચિકિત્સા, પંચકર્મ, સત્વ વ્યાપાસર્ય ચિકિત્સા જેવી વિવિધ સુવિધા ઉપલબ્ધ

કમલમ્,વડોદરા

આયુષ પ્રભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત નિયામકશ્રી આયુષની કચેરી-ગાંધીનગરના હસ્તક વડોદરા જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી અંતર્ગત ડભોઈ તાલુકાના આયુષ્માન આરોગ્ય મંદિર, મોટા હબીપુરાના નવ નિર્મિત મકાનનું લોકાર્પણ તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાનું નડાના નવીન મકાન બાંધકામ માટેનું ખાતમુહૂર્ત ધારાસભ્યશ્રી શૈલેષભાઈ મહેતાના વરદ હસ્તે કરાયું હતું. આયુષ્માન આરોગ્ય મંદિર મોટા હબીપુરા ખાતે જનરલ ઓપીડીમાં આયુર્વેદ નિદાન સારવાર, જરા ચિકિત્સા, કુપોષણ સારવાર, સગર્ભા ધાત્રી સારવાર, શાળા આરોગ્ય, આંગણવાડી તપાસ, પ્રકૃતિ પરીક્ષણ, યોગાભ્યાસ, ઓપીડી લેવલ પંચકર્મ, માનસિક રોગો માટે સત્વ વ્યાપાસર્ય ચિકિત્સા, આસપાસના ગામમાં કેમ્પનું આયોજન વગેરે જેવી સેવાઓ ઉપલબ્ધ છે. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ સામંત દાહિમા, ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલ, જાહેર આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ રોહિત સહિત જિલ્લા-તાલુકા પંચાયતના પદાધિકારીશ્રીઓ, આયુર્વેદ વિભાગના ડોક્ટર અને અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના ભરૂચ જિલ્લાને તન્મય વસાવાએ રાષ્ટ્રીય ફલક પર અપાવ્યું ગૌરવ- નેશનલ આઈસસ્ટોક ચેમ્પિયનશિપમાં જીત્યા ૩ મેડલ્સ

ગ્રામીણ વિસ્તારની પ્રતિભાએ વિદેશી રમત ગણાતી આઈસસ્ટોકમાં ડંકો - કાશ્મીરના ગુલમર્ગમાં ૧૨મી નેશનલ આઈસસ્ટોક ચેમ્પિયનશિપમાં ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ મેળવી રાજ્યને અપાવ્યું ગૌરવ

કમલમ્,ભરૂચ

કહેવાય છે કે "અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી", આ ઉક્તિને સાર્થક કરી બતાવી છે ભરૂચ જિલ્લાના થવા ગામના આદિવાસી યુવા ૨૦ વર્ષિય રમતવીર તન્મય વસાવાએ. ભારતના કાશ્મીર ખાતે માઈનસ ડિગ્રી તાપમાનમાં, ગુલમર્ગની બરફીલી આઈસ રિંક પર રમાયેલી 12th National Icestock Championship માં તન્મયે પોતાની ક્ષમતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગુજરાતના ફાળે ૩ મેડલ્સ અપાવ્યા છે. કાશ્મીરના બરફીલા મેદાનોમાં યોજાયેલી ૧૨મી નેશનલ આઈસસ્ટોક ચેમ્પિયનશિપમાં ભરૂચ જિલ્લાના તાલુકાના થવા ગામના યુવા ખેલાડી તન્મય વસાવાએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત અને ભરૂચ જિલ્લાનું નામ રાષ્ટ્રીય ફલક પર રોશન કર્યું છે. ગત સપ્તાહમાં ૨૩ થી ૨૫ જાન્યુઆરી દરમિયાન યોજાયેલી આઈસ રિંક ખાતે પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશના ૧૫થી વધુ રાજ્યોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. અત્યંત કપરી અને પડકારજનક પરિસ્થિતિમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા તન્મય વસાવાએ અદ્ભુત રમતનું પ્રદર્શન કર્યું હતું. તન્મય વસાવાનું દબાણભર્યા પરિસ્થિતિમાં દર્શાવેલું શાંત અને સ્થિર પ્રદર્શન રાજ્ય માટે અત્યંત ઉપયોગી સાબિત થયું હતું. તેણે પોતાની એકાગ્રતા જાળવી રાખીને ટીમ ટીમ ટાર્ગેટ, ઈન્ડિવિઝ્યુઅલ ડિસ્ટન્સ તેમજ ગેમ ઈવેન્ટ, જેવી ઈવેન્ટમાં ૨ સુવર્ણ (Gold) અને 1 hsŒ (Silver) પદક પોતાના નામે કર્યા હતા. ભરૂચના એક અંતરિયાળ ગામમાંથી આવીને રાષ્ટ્રીય કક્ષાએ બરફ પર રમાતી રમત 'આઈસસ્ટોક'માં મેડલ્સ મેળવવા એ તન્મયની સખત મહેનત અને સમર્પણનું પરિણામ છે. તેની આ સિદ્ધિ બદલ તેના વતન થવા ગામ, ભરૂચ જિલ્લો અને પી.પી. સવાણી યુનિવર્સિટી પરિવારમાં હર્ષની લાગણી છવાઈ છે. આ સફળતા બદલ તન્મય વસાવા પર ઠેરઠેરથી અભિનંદન વર્ષા થઈ રહી છે. આ તકે, આઈસસ્ટોક સ્પોર્ટ્સ એસોસિએશન ગુજરાતના સેક્રેટરી સુ.શ્રી. રંજન વસાવા તેમજ ગુજરાત રાજ્યના આઈસસ્ટોક હેડ કોચ શ્રી વિકાસ વર્માએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેની આ સિદ્ધિ આગામી સમયમાં ગ્રામીણ ક્ષેત્રના અન્ય યુવા ખેલાડીઓ માટે પણ પ્રેરણારૂપ બનશે. અહી એક વાત નોંધનિય છે કે, તન્મય વસાવા એ જ "આઈસ ગર્લ"થી ઓળખાતી દ્રષ્ટિ વસાવાનો નાનો ભાઈ છે. જેણે આપણા ગુજરાત રાજ્યમાં આઈસસ્ટોક રમતને જાણીતી કરી. આ જ આદિવાસી દિકરીએ ટ્રાઈબલ વિસ્તારથી લઈ વર્લ્ડ ચેમ્પિયનશીપ સુધીની સફર કરી દેશની કરોડો દિકરીઓને પ્રેરણા પૂરી પાડીને માઈલસ્ટોન બની હતી. તેણે જમ્મુ-કાશ્મીરમાં યોજાયેલ નેશનલ આઈસસ્ટોક સ્પોર્ટસ ચેમ્પિયનશીપમાં સતત ત્રણ વખત ગોલ્ડ મેડલ મેળવી ભરૂચ જિલ્લાના થવા ગામની દ્રષ્ટિ વસાવાએ ગુજરાત અને ભારતને વિશ્વના ફલક પર ગૌરવ અપાવ્યું હતું. અત્રે ઉલ્લખનિય છે કે, ગુજરાત રાજ્ય વતી મોરબી, સુરત, ભરૂચના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ભારતના અન્ય ૧૫ જેટલા રાજ્યોમાં ગુજરાત રાજ્યએ સૌથી વધુ ૪૦ જેટલા મેડલ મેળવી મોખરાનું સ્થાન મેળવ્યું છે. જેમાંથી પી.પી. સવાણી યુનિવર્સિટીના રમતવીરોએ કુલ ૨૧ મેડલ્સ મેળવી ગુજરાતની જીતમાં સિંહફાળો આપ્યો છે. તન્મય વસાવા પી.પી. સવાણી યુનિવર્સિટીનો વિદ્યાર્થી છે. આ ચેમ્પિયનશિપમાં ગુજરાતની ટીમે કુલ ૨૧ પદકો જીતીને દેશના ટોચના રાજ્યોમાં અગ્રણી સ્થાન મેળવ્યું હતું. આ સમગ્ર ઈવેન્ટમાં જેમાં પી.પી. સવાણી યુનિવર્સિટીના ખેલાડીઓનો ફાળો સર્વોપરી રહ્યો છે. યુનિવર્સિટીના ખેલાડીઓએ કુલ ૨૧ પદકો (૧૨ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૪ બ્રોન્ઝ) જીતીને રમતગમત ક્ષેત્રે સંસ્થાની પ્રતિષ્ઠામાં પણ વધારો કર્યો છે.

CISF રાજકોટ યુનિટ અને માળિયાના સરવડ ખાતે મોરબી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાયકલોવીરોનું ઉષ્માભર્યું અભિવાદન કરાયું

સાયકલ યાત્રા ૫૦ ટકા મહિલા ભાગીદારી નારી સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

કમલમ્,

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા અને એકતાના સંદેશ અને સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત થીમ સાથે આયોજિત "વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬"નું મોરબી જિલ્લાના માળીયા તાલુકાના સરવડ ગામે આગમન થયું હતું. આ પ્રસંગે આયોજિત વિશેષ કાર્યક્રમમાં મોરબી જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને CISF રાજકોટ યુનિટના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી અમનદીપ સિરસવાના માર્ગદર્શન હેઠળ CISFના જવાનો દ્વારા સાયકલ યાત્રીઓનું ભવ્ય સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. સરવડના ગ્રામજનોએ આ સાયકલ યાત્રાને ઢોલના નાદ અને કંકુ છાંટણા તથા પુષ્પવર્ષા કરી વધાવી હતી. સરવડ ગામે આયોજિત આ કાર્યક્રમમાં દેશભક્તિના ગીતો અને સ્થાનિક કલાકારો દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમોએ ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ ભર્યો હતો. CISF ના જવાનો દ્વારા સૂર્ય નમસ્કાર અને યોગ પ્રદર્શન, ક્વં માગા, લાઠી દાવ, ફાઈટિંગ ડેમો, ફ્લાઈંગ કિક, પિરામીડ સહિત શિસ્તબદ્ધ કરતબો રજૂ કરવામાં આવ્યા હતા. આ શૌર્ય પ્રદર્શને વાતાવરણમાં જોશ અને ઉર્જાનો સંચાર કર્યો હતો અને ઉપસ્થિત સૌ કોઈના મન મોહી લીધા હતા. જવાનોએ શારીરિક ક્ષમતા અને માનસિક એકાગ્રતાનો પરિચય કરાવી 'ફિટ ઈન્ડિયા – ફિટ ફોર્સ'નો સંદેશ પ્રસરાવ્યો હતો. CISF રાજકોટ યુનિટ દ્વારા આ યાત્રાના માળીયા-જોડિયા રૂટનું સુચારુ સંચાલન કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ કિનારાની આ ટીમે ૨૮ જાન્યુઆરીએ કચ્છના ઐતિહાસિક લખપત કિલ્લાથી પ્રસ્થાન કર્યું હતું. આશરે ૬,૫૦૦ કિમી લાંબી આ યાત્રા ૨૨ ફેબ્રુઆરીએ કેરળના કોચી ખાતે સંપન્ન થશે. આ યાત્રામાં ૫૦ ટકા જેટલી મહિલા સાયકલોવીરોની ભાગીદારીએ 'નારી શક્તિ'નું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભારતની દરિયાઈ સીમાઓની સુરક્ષામાં CISFની ભૂમિકા અત્યંત મહત્વની છે. આ સાયકલોથોન દ્વારા સમુદ્ર તટીય વિસ્તારોમાં માછીમારો અને યુવાનોમાં જાગૃતિ લાવવા અને રાષ્ટ્રીય સુરક્ષાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. કાર્યક્રમ દરમિયાન ડીઆઈજીશ્રી ધનંજય નાયક, સિનિયર કમાન્ડન્ટશ્રી બી.સી. યાદવ, ડેપ્યુટી કમાન્ડન્ટશ્રી સંદીપ ચક્રવર્તી, રાજકોટ એરપોર્ટ કોર્ડીનેટર-ઈન્સ્પેકટરશ્રી મહેશ સિંઘ અને અશોકભાઈ વાળા, માળીયા તાલુકા વિકાસ અધિકારીશ્રી પી.એમ. સાવલીયા, CISF ના જવાનો અને સાયકલવીરો, સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028